**સુવિચાર**
જો તમે તમારા ઘરમાં શાંતિ ઈચ્છતા હો તો તમારે ગૃહિણી જે ઈચ્છે તે કરવું જોઈએ.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૧૨/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક વદ-અમાસ વર્ષ : ૧૫ અંક : ૨૯૪

શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

સ્ત્રી રોગ ?
ગર્ભાશય (કોથળી) ની તકલીફ ?
રાહત દરે
દુરબીનથી ટાંકા વગરના ઓપરેશન
ડો. સંજય સોલંકી
કન્સલ્ટન્ટ ગાયનેકોલોજીસ્ટ એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન
૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦. ઈમરજન્સી હેલ્પલાઈન: ૯૯૭૮૨ ૬૩૦૦૦

## ધારાસભ્ય મહેશ કસવાલાએ અનેક કાર્યોનો શુભારંભ કરાવ્યો તો અનેક કાર્યો પૂર્ણ થતાં લોકાર્પણ કર્યુ

# અરે વાહ : સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારોમાં કરોડોનાં ખર્ચે વિકાસ કાર્યો

**કેરાળા-જૂના સાવર અને ઓળીયા-નાના ભમોદ્રા માર્ગ બનાવવાનો પ્રારંભ**

**અમરેલી-લીલીયા-ક્રાંકચ વચ્ચેનો માર્ગ ૧૦ મીટર પહોળો બનશે તેનું પણ કર્યુ ભૂમિપૂજન**

**૬૦ લાખનાં ખર્ચે તૈયાર થયેલ ઓળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ખુલ્લુ મુકાયું**

**ગ્રામ્ય વિસ્તારનાં મુંઝવતા પ્રશ્નોની અપેક્ષા પૂર્ણ કરવી એ અમારો ઉદ્દેશ્ય : કસવાલા**






સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય કસવાલાએ સાવરકુંડલાના વિકાસ માટે અઢળક સરકારમાંથી ગ્રાન્ટો લાવીને એક શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું છે. ત્યારે સાવરકુંડલાના ગ્રામ્ય માર્ગો જે એક તાલુકાથી બીજા તાલુકાને જોડતા રસ્તાઓ તેમજ કાચાથી ડામર (નોનપ્લાન) રસ્તો અને આનુષાંગીક કામગીરી માટે કેરાળા-જુનાસાવર એમ.ડી.આર. કક્ષાનો રસ્તો જે રૂા.૧૪૦ લાખના ખર્ચે તૈયાર થશે તેમજ અમરેલી-લીલીયા-ક્રાંકચ રોડ જે રૂા.૧૮૦૦ લાખના ખર્ચે ૧૦ મીટર પહોળો બનશે અને ડબલપટ્ટી (ટુ ટ્રેક) સાથેની એસએચ કક્ષાના રસ્તામાં સુચિત કામગીરી. ૧૮/૦૦ થી ૨૭/૦૦ રીસરફેસીંગ, ગામતળ વિસ્તારમાં સી.સી. રોડ, પ્રોટેકશન વોલની કામગીરી તથા રોડ ફર્નીચરની કામગીરી કરવામાં આવશે એવી જ રીતે કાચાથી ડામર (નોનપ્લાન) રસ્તો ઓળીયા-નાનાભમોદ્રા રોડ જે રૂા. ૫૨૦ લાખના ખર્ચે સી.સી. રોડ, પાઈપવાળા નાળા અને પ્રોટેકશન વોલની કામગીરીનો સમાવેશ થાય છે.

આ તમામ રોડના ખાતમુહર્ત ધારાસભ્ય કસવાલાએ કર્યા

અનુસંધાન પાના ૬ ઉપર

### ઈરફાનભાઈ ઉર્ફે વાસ્તવ નામનાં ઈસમ તરફથી

## જાફરાબાદની મામલતદાર કચેરીનાં કલાર્કને જાનથી મારી નાખવાની ધમકી મળતા ફરિયાદ

**ફરજમાં રૂકાવટ કર્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ**

અમરેલી, તા. ૩૦

જાફરાબાદ ગામે રહેતા ઈરફાનભાઈ ઉર્ફે વાસ્તવ નામના આરોપીએ ગત તા. ૨૦ ના રોજ સવારે ૧૧ વાગ્યે જાફરાબાદ મામલતદાર કચેરી મહેસુલ શાખામાં જઈ મામલતદાર કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા સાગરભાઈ હરેશભાઈ રાજયગોર નામનાં ૩૩ વર્ષિય યુવક સાથે શાબ્દીક બોલાચાલી કરી કલાર્કને જાનથી મારી નાખવાની ધમકી આપી મામલતદાર કચેરીના કલાર્કની કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### દિલાવરભાઈ ચૌહાણને આઘાત લાગ્યો

## સાવરકુંડલામાં રીવરફ્રન્ટ બનતો હોવાથી મકાન ખાલી કરવાની નોટિસ મળતાં વૃધ્ધે ઝેર પી લીધુ

**ઘઉંમાં નાખવાનાં ટીકડા પી જતાં સારવારમાં ખસેડાયા**

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા ગામે બગદાદનગરમાં રહેતા દિલાવરભાઈ ચાંદભાઈ ચૌહાણ નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધને આજથી ચારેક દિવસ પહેલા નગરપાલિકા દ્વારા રીવરફ્રન્ટ બનતો હોવાથી મકાન ખાલી કરવાની નોટીસ આપેલ હોય. જે વાતનું તેમને લાગી આવતા તા. ૨૯ રોજ સવારના સવારના ૯ વાગ્યે આસપાસ ઘઉંમાં નાખવાના ટીકડા પોતે પોતાની મેળે પાણીમાં નાખી પી જતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

### સ્વામીનારાયણ મંદિરનાં કહેવાતા સાધુથી સમસ્યા

## બાબરાનાં કરિયાણા ગામનાં સરપંચની આગેવાનીમાં પોલીસ સ્ટેશનમાં રજૂઆત

**સાધુનાં કારનામાઓની વિગતો રજૂ કરી**

બાબરા, તા. ૩૦

બાબરાનાં કરિયાણા ગામનાં સરપંચની આગેવાનીમાં ગ્રામજનોએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ છે.

અરજીમાં જણાવેલ છે કે, કરિયાણા ગામની અંદર ભગવાન સ્વામીનારાયણના પ્રસાદિનું સ્થાન પૌરાણિક મંદીર આવેલ છે. આ મંદીર સમસ્ત સ્વામીનારાયણ ધર્મ પાળતા ભકતજનો તથા કરીયાણા ગામના લોકો માટે ભકિત તથા આસ્થાનું કેન્દ્ર છે. આ મંદિરની જગ્યા મીણબાઈના માના


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

ઓરડા તરીકે ઓળખાય છે. તથા મંદિર જે કરીયાણા ગામની પવિત્ર સ્વામીનારાયણ મંદિરની જગ્યા મુળ ગોપીનાથજી મંદિર ગઢડા તાબાની જગ્યા આવેલ છે. પવિત્ર જગ્યામાં

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

દુકાન વેચવાની છે
ગ્રાઉન્ડ ફ્લોરની...
સારથી કોમ્પલેક્ષ-૨
ડો. સાવલીયા હોસ્પિટલ સામે
અમરેલી
સંપર્ક
૯૯૭૮૯ ૯૭૨૯૮

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી

સાંભળવાની સમસ્યા ?
ફ્રી બહેરાશની તપાસ (Limited Time Offer)
AI ટેકનોલોજી રિચાર્જેબલ
બ્લુટૂથ ટેકનોલોજી વોટરપ્રુફ
બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી
કિફાયતી કિંમત
વર્લ્ડકલાસ હીયરીંગ મશીન પર આકર્ષક ડીસ્કાઉન્ટ ઓફર
ગુજરાત સરકારના કર્મચારી / પેન્શનરો માટે ફ્રી હીયરીંગ મશીન ની યોજના માટે ખાસ મળો.
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
એક્સચેંજ ઓફર ઉપલબ્ધ
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ • સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮ (રવિવારે બંધ)

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ
• મરવાના વિચાર આવવા
• વિચારવાયુ
• વહેમ, શંકા
• મંદબુધ્ધિ બાળકોની સારવાર
• ચિંતા - ટેન્શન
• માથાનો દુઃખાવો
• જાતિય રોગો
• વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

## સમસ્ત બસિયા કાઠી રાજવી ગિરાસદાર પરિવાર દ્વારા

# ઘુડશિયા ખાતે આવતીકાલથી શ્રીમદ્ દેવી ભાગવત્ કથાનો આસ્થાભેર પ્રારંભ

**શ્રી કુળદેવી રાજરાજેશ્વરી ભગવતી ચામુંડા માતાજીનાં સાંનિધ્યમાં સંગીતમય શૈલીમાં કથા યોજાશે**

**વ્યાસપીઠ પરથી પૂ. શ્રી ૧૦૦૮ પૂ. કનકેશ્વરી દેવીજી બિરાજી સુમધુર સ્વરમાં કથાનું રસપાન કરાવશે**

**કથા દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગો તેમજ પ્રાગટય મહોત્સવની ઉજવણી કરાશે**

**સંતવાણી, મહાપ્રસાદ સહિતનાં અનેકવિધ કાર્યક્રમો કથા દરમિયાન યોજાશે જેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો**

બાબરા, તા. ૩૦

ગોંડલ તાલુકાના ઘૂડશિયા મુકામે આગામી તા. ૨/૧૨થી ૧૦/૧૨ સુધી શ્રી કુળદેવી રાજરાજેરી ભગવતી ચામુંડા માતાજીના સાંનિધ્યમાં ભવ્ય અને દિવ્ય શ્રીમદ દેવિભાગવત કથાનું સુંદર આયોજન સમસ્ત બસિયા કાઠી રાજવી ગીરાસદાર પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.



કથાના વ્યાસપીઠે પરમ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ પૂજય કનકેરી દેવીજી બિરાજી સુમુધુર સ્વરમાં અને સંગીતશૈલીમાં કથાનું રસપાન કરાવશે. દરરોજ સવારે ૯ વાગ્યાથી બપોર ના ૧ વાગ્યા સુધી કથા કરવામાં કરવામાં આવશે તેમજ કથા દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગો તેમજ પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

તા. ૨/૧૨/૨૪ને સોમવારના રોજ સવારે ૮ કલાકે ભગવતી ચામુંડા માતાજીને ધ્વજારોહણ કરવામાં આવશે તેની ધ્વજાયાત્રા શ્રી ખેતલાબાપા શ્રીજુના ટીંબા મંદિરથી ચામુંડા માતાજીના મંદિર સુધી ધ્વજાયાત્રા યોજાશે.

૮:૩૦ કલાકે ચામુંડા માતાજીના મંદિરથી કથાસ્થળ સુધી ભવ્ય પોથીયાત્રા નીકળશે જેમાં સાધુ, સંતો અને અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં સમાજના લોકો જોડાશે.

૯ કલાકે પુજય સાધુ, સંતો અને મહંતોના કર કમલો હસ્તે દીપપ્રાગટ્ય કરી કથાનો મંગળ પ્રારંભ કરાશે.

અહીં આયોજિત દિવ્ય શ્રી મદ દેવિભાગત કથામાં દરરોજ બપોર તેમજ સાંજના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ દરરોજ રાત્રીના માતાજીના ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ સિવાય સંતવાણી અને ડાયરો યોજાશે જેમાં તા. ૬/૧૨/૨૪ના રોજ રાત્રીના ૯:૩૦ કલાકે રાજભા ગઢવી અને હરેશદાન ગઢવીનો સંતવાણીનો કાર્યક્રમ યોજાશે અને તા. ૯/૧૨/૨૪ના રોજ રાત્રી ના ૯:૩૦ કલાકે માયાભાઈ આહીર અને સરમણભાઈ નિમાવત દ્વારા સંતવાણી અને સાહિત્ય રજૂ કરવામાં આવશે.

કથા દરમિયાન પૂજય મોરારીબાપુ, પૂજય શેરનાથ બાપુ, પૂજય કિશોરગિરિબાપુ, પૂજય વલકુબાપુ, પૂજય નિર્મલાંબા, પૂજય મુકતાનંદ બાપુ, પૂજય રાજેન્દ્ર બાપુ, પૂજય વિજય બાપુ, આઈ શ્રી કંચનમાં સહિતના પરમ પૂજય વંદનીય સાધુ, સંતો ઉપસ્થિત રહી આશિર્વાદ પાઠવશે.

તેમજ રાજયના મુખ્ય નાયબ દંડક કૌશિક વેકરિયા, પાણી પુરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળિયા, મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ પરશોત્તમ રૂપાલા સહિતના રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવશે.

અહીં ઘૂડશિયા ગામે ભગવતી કુળદેવી શ્રી ચામુંડા માતાજીના સાંનિધ્રયમાં આયોજિત ભવ્ય અને દિવ્ય શ્રી મદ દેવિભાગવત કથા તેમજ સંતવાણી અને મહાપ્રસાદનો નિયમિત લાભ લેવા મંદિરના પૂજારી તેમજ સમસ્ત બસિયા પરિવાર દ્વારા ધર્મપ્રેમી જનતાને જાહેર અનુરોધ કર્યો છે.

---

## મોટા કણકોટનાં સરપંચે ધારાસભ્યને પત્ર પાઠવ્યો

# લીલીયા મોટાથી દેવભૂમિ દેવળીયા સુધીનાં માર્ગની પહોળાઈ વધારવા માંગ કરાઈ

**અનેક ગામોના નાગરિકોની સમસ્યા દૂર કરવા માંગ**

લીલીયા, તા. ૩૦

લીલીયા થી દેવભૂમિ દેવલિયા સુધીનો માર્ગ પહોળો કરવા બાબત મોટા કણકોટના સરપંચ ધર્મિષ્ઠાબેન રામાણી દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પત્ર પાઠવી રજૂઆત કરેલ છે પત્રમાં જણાવેલ છે કે અમરેલી કુંડલા હાઈવે (દેવળીયા પાટીયુ)થી દેવભૂમિ દેવળીયા સુધી હાલ ડબલ પટ્ટી રોડ છે તો એ રોડને દેવળીયાથી લંબાવીને લીલીયા મોટા સુધી ડબલ પટ્ટી રોડ થાય તો ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતની સમસ્યાનો હલ થાય એમ છે આ રોડ ઉપર લકઝરી બસ વ્યવહાર ખેડૂતોના ખેતર આવવા જવા માટે સનેડા ટ્રેકટર અને છેક ગારીયાધાર થી ચલાલા, વાકીંયા, ચાંપાથળ, પીઠવાજાળ



સાવરકુંડલા વગેરે ગામોને જોડતો વાહન વ્યવહાર થી અતિ વ્યસ્ત આ રસ્તો છે આ રસ્તો સિંગલ પટ્ટી હોવાથી અને અતિ વ્યસ્ત હોવાથી રાહદારી ટુવીલ ચાલકો અને મોટા વાહનો સામે સામે આવે ત્યારે ખૂબ જ અડસણ થાય છે અને અકસ્માત થાય છે વળી બવાડી, બવાડા, ક્રાંકચ, લોકા, લોકી, ભેંસવડી, નાના લીલીયા, આંબા કણકોટ મોટા વગેરે ગામોના ખેડૂતો પોતાની ખેતપેદાશ વેચવા માટે અમરેલી માર્કેટયાર્ડ જવા સુધી આજ રોડનો ઉપયોગ કરે છે એટલે આ રસ્તો સિંગલ પટ્ટી હોવાને કારણે વાહન વ્યવહારમાં ખૂબ જ મુશ્કેલી પડે છે તો ભવિષ્યની અને હાલની જરૂરિયાત ધ્યાને લઈને આ રોડની સાઈઝ પહોળી કરી ઝડપથી આ રસ્તો મંજૂર થઈ અને કામ શરૂ થાય એવી અપેક્ષા પણ પત્ર મારફત રાખેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

## શંકાસ્પદ વ્યક્તિની પુછપરછ કરી

# લીલીયામોટા : સ્થાનિક પોલીસે દાહોદ પંથકની બાઈક ચોરીનો ભેદ ખોલ્યો

**પીઆઈ આઈ.જે. ગીડાનાં માર્ગદર્શનતળે કામગીરી**

લીલીયા, તા. ૩૦

લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રેલ્વે સ્ટેશન રોડ આંબેડકર ચોક જાહેર રોડ ઉપર રોહિતભાઈ કાદુભાઈ ગરાણીયાને શંકાસ્પદ હાલતમાં મોટર સાયકલ ચાલકને ઉભુ રખાવી પોલીસને સંતોષ કારક જવાબ આપતા નહોય અને ફર્યુફર્યુ બોલતા હોય. જે અંગે ખરાઈ કરતા દાહોદ એ–ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુન્હામાં છેલ્લા આઠ માસથી પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતા–ફરતા હોય. જેઓને પકડી મજકુર ઈસમને અત્રેના પોલીસ સ્ટેશન બી.એન.એસ.એસ. ૩૫(૧)(જે) મુજબ ધોરણસર અટક કરેલ તેમજ મળી આવેલ હિરો કંપનીની સ્પ્લેન્ડર મોટર સાયકલ આર.ટી.ઓ. રજી નંબર જી.જે.–૧૭એડી–૭૧૪૬ ની કિ. રૂા. ૩૫૦૦૦ ગણી બી.એન.એસ.એસ. કલમ–૧૦૬ મુજબ કબ્જે લીધેલ. જે અંગે દાહોદ એ–ડિવિઝન પોલીસ સ્ટેશન પો.સ્ટે.ના મોટર સાયકલ ચોરીના ગુન્હાના આરોપીને મુદ્દામાલ સાથે



પકડેલ છે.

આ સમગ્ર કામગીરીમાં લીલીયા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આઈ.જે. ગીડાની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના ટાઉન બીટ ઈન્ચાર્જ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ, અનાહેડ કોન્સ. તથા પો.કોન્સ. સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયા તથા પો.કોન્સ. જીતેન્દ્રભાઈ ગોબરભાઈ ગંગલ તથા પો.કોન્સ. પ્રકાશભાઈ ગોવિંદભાઈ માઘડ વિ. સ્ટાફના માણસો આ કામગીરીમાં જોડાયા હતા. તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

## વડેરાનાં આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા

# અમરેલીનાં રંગપુર ગામનાં વાડી વિસ્તારમાં સગર્ભા અને ધાત્રી માતાને સુખડી વિતરણ

**ફ્યુચર ફાઉન્ડેશન અને બાળ કેળવણી મંડળ–બગસરાએ કર્યો સહયોગ**

અમરેલી, તા. ૩૦

આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા દ્વારા બાળ કેળવણી મંડળ બગસરા અને ફ્યુચર ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે વડેરા અને રંગપુર ગામની વાડી વિસ્તારની ૨૫ સગર્ભા અને ધાત્રી માતાને ૨૫ કિલોગ્રામ સુખડીનું વિતરણ કરવામાં આવ્યુ તથા પુરૂષ નસબંધી પખવાડિયા અંતર્ગત લઘુ શીબીર કરવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિરનાં સપનાબેન રાણવા, કે.બી દુધાત, ડી.જી રાજયગુરૂ, બીલ્કીસબેન ભટ્ટી, કાજલબેન જાદવ, હર્ષાબેન મૈયાત્રા અને બાળ કેળવણી મંડળ બગસરા અને ફયુચર ફાઉન્ડેશનના રમેશભાઈએ જહેમત ઉઠાવેલ.



---

## તાલુકા ન્યાય સમિતિના ચેરમેન સહિતનાં આગેવાનોની માંગ

# બાબરા : નીલવડા ગામે મંજુર થયેલ આંબેડકર હોલ અન્ય જગ્યાએ બનાવવા રજુઆત

**પ્રાંત અધિકારીને પત્ર પાઠવવામાં આવ્યો**

બાબરા, તા. ૩૦

બાબરા તાલુકાના નિલવલા ગામે ૧૫ માં નાણાં પંચ અંતર્ગત ગામ માં આંબેડકર હોલ બનાવવાં મંજૂર થયેલ છે પણ જે સ્થળ પર હોલ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે તે જગ્યાએ દેવસ્થાન હોવાથી ધાર્મિક લાગણી દુભાતી હોવાથી સ્થળ ફેર કરવો જરૂરી છે.

તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કેકે બગડા, તેમજ નિલવલા બુદ્ધમ યુવા મંડળના અગ્રણી ખીમસૂરિયા એલબી, મેરામભાઈ ખીમસૂરિયા, ડાયાભાઈ સહિતના અગ્રણીઓ દ્વારા તાલુકા વિકાસ અધિકારી તેમજ લાઠી પ્રાંત અધિકારી અને જિલ્લા પંચાયતના સભ્ય સહિતના અગ્રણીઓ ને પત્ર લખી રજુઆત કરેલ છે તાત્કાલિક અસરથી અહીં આંબેડકર હોલની જગ્યા સ્થળ ફેર કરવામાં આવે.

---

# અમરેલીમાં જિલ્લા કાનૂની સત્તા મંડળ દ્વારા કાનૂની શિબિર યોજાઈ ગઈ



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા કાનૂની સતા સેવા મંડળ દ્વારા, કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સ્કુલના પ્રિન્સીપાલ તેમજ સ્કુલના શિક્ષકો તેમજ પી.એલ.વી. મુકેશભાઈ ભટ્ટ (સોનલ) દ્વારા માનવ અધિકાર પંચ, અને બાળકોના કાયદા અને લોક અદાલત વિષે માહિતી પુરી પાડવામાં આવી, આગામી ૧૪, ડીસેમ્બરના રોજ લોક અદાલતનું આયોજન થયું રહ્યુ છે તેના અનુસંધાને માહિતી આપવામાં આવી.

---

## ઓળીયા ગામનાં સરપંચનો આક્ષેપ

# સાવરકુંડલાના ઓળીયા ગામના સબ હેલ્થ સેન્ટરનું અધૂરા કામે લોકાર્પણ કરી દેવાયું

**ધારાસભ્ય જનતાને ગેરમાર્ગે દોરતા હોવાનું જણાવ્યું**

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાનાં ઓળિયા ગામે સબ હેલ્થ સેન્ટર બનાવવામાં આવેલ છે. જે કામ માત્ર ૬૦% થવા પામેલ છે. અને કામ સંપૂર્ણપણે પૂર્ણ થયેલ નથી. ત્યારે સાવરકુંડલા–લીલીયાનાં હાલના ધારાસભ્ય દ્વારા જનતા સમક્ષ જાહેરમાં લોકાર્પણ કરેલ છે તે ઓળિયા ગામ માટે સારી વાત છે. પરંતુ જે કામ હજુ ૪૦% બાકી છે. તે કામો પૈકી લાઈટ કામ, પંખા, ગટરકામ, તેમજ ગટરનાં ચૌસકુવા, સબ હેલ્થ સેન્ટરનાં પગથીયા, પાણીની ગેંડી સ્ટાઈલ કામ, તેમજ કમ્પાઉન દીવાલ (૧૬૦ ફૂટ બાકી છે,) અને સબ હેલ્થ સેન્ટરનાં ગ્રાઉન્ડ હાલ બાવળ ઉભા છે ત્યાં બ્લોક પેવીંગ કામ બાકી છે તે કામ છેલ્લા ૧૮ માસથી સંદતર બંધ પડેલ છે. તે કામ પૂર્ણ કરાવીને લોકો સમક્ષ ખુલ્લું મુકયુ હોત તો વધુ સારૂ કહેવાત પણ જાહેર જનતાના પ્રતિનિધિ તરીકેની જવાબદારીનાં ભાગ રૂપે કામ પૂર્ણ કરાવવાનું હોય છે ત્યારે તેઓ પોતે જનતા સમક્ષ આ કામ પૂર્ણ થયા હોય તેવું બતાવીને તેમને જનતા સમક્ષ ખુલ્લુ મુકવા આજ રોજ લોકાર્પણ કરેલ છે. ત્યારે ખરેખર આમ જનતાને સુકા ઘાસને લીલા બતાવવા લીલા ચશ્માં પહેરાવીને એકમેળાવડો કરીને પોતાની પ્રદ્ધતી મુજબ લોકોને મોહિત કરીને જે સબ હેલ્થ સેન્ટરને ખુલ્લુ મૂકવા માટે લોકાર્પણ કરેલ છે. ત્યારે આ સબ હેલ્થ સેન્ટરમાં મળતી પ્રાથમિક સુવિધા કઈ અને લોકોને તેમનો લાભ મેળવા માટેની જે કામગીરી કરવાની છે ત્યારે આંબા આને આંબલી બતાવી અને પોતે તેમનો જસ લેવા માટે જે લોકાર્પણ કરેલ છે તે એક હાસ્યપદ બનેલ છે.

આમ લોકાપર્ણમાં અધીરા બનેલ ધારાસભ્ય સામે શાબ્દિક કટાક્ષ ઓળિયા ગામના પૂર્વ સરપંચ અને સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેશભાઈ દેવાણી દ્વારા કરવામાં આવેલ છે.

---

# અમરેલી : જવાહર નવોદય વિદ્યાલયમાં શૈક્ષણિક કાર્યશાળા યોજાઈ



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

પ્રગતિશીલ પ્રવૃત્તિ હેઠળ પીએમ જવાહર નવોદય વિદ્યાલય, અમરેલી ખાતે બે દિવસીય શિક્ષક તાલીમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન સીએસઆઈઆર–સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીએસએમસીઆરઆઈ), ભાવનગર અને રોયલ સોસાયટી ઓફ કેમિસ્ટ્રી (આરએસસી) દ્વારા યુસુફ હમીદ પ્રેરણાત્મક વિજ્ઞાન કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન એમ.બી. ગોહિલ, જિલ્લા શિક્ષણ અધિકારી (ડીઈઓ) દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે અધ્યક્ષપદ સંભાળ્યું. મુખ્ય અતિથિ તરીકે એન.જે. નાકીયા, ઉપવિભાગીય મેજિસ્ટ્રેટ (એસડીએમ) ઉપસ્થિત રહ્યા. ડો. ડુંગર આર. ચૌધરી, મુખ્ય વૈજ્ઞાનિક અને સીએસ આઈઆર– જિજ્ઞાસા સંયોજક, કાર્યક્રમના મુખ્ય સંકલક રહ્યા. વિજયકુમાર એસ. ભોસ, પીએમ જવાહર નવોદય વિદ્યાલય, અમરેલીના પ્રિન્સિપાલે સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યુ, જયારે હિતેશ કાર્યક્રમના એન્કર તરીકે રજુઆત કરી. વિકાસ, પીજીટી કેમિસ્ટ્રીએ તમામ વ્યવસ્થાઓ હાથ ધરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. કાર્યશાળામાં સક્રિય શિક્ષણ તરફ આગળ વધવું, વિજ્ઞાનમાં સક્રિય શિક્ષણ ટેકનિક્સ વિકસાવવી, અને વિજ્ઞાનમાં સક્રિય શિક્ષણ ટેકનિક્સને આગળ ધપાવવી જેવા વિષયોની ચર્ચા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લાના આમંત્રિત શિક્ષકો હાજર રહ્યાં અને આ નવી શૈક્ષણિક પદ્ધતિઓમાંથી પ્રેરણા મેળવી. આ કાર્યક્રમમાં રાજ ભાષા હિન્દીનો ઉપયોગ કરીને વિજ્ઞાન શિક્ષણને પ્રોત્સાહન આપવા અનોખી પહેલ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ભાગ લેનાર શિક્ષકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. આ પ્રગતિશીલ પ્રવૃત્તિ આચાર્ય શ્રેણીના શૈક્ષણિક અને પ્રેરણાત્મક વિકાસ માટે એક નોંધપાત્ર પગલું સાબિત થશે.

## રાજકોટ ખાતે સદ્‌ભાવના વૃધ્ધાશ્રમનાં લાભાર્થે યોજાયેલ રામકથામાં દાનની સરવાણી વહી

# વૃક્ષ અને વૃધ્ધમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો વાસ : પૂ. મોરારિબાપુ

**વૃક્ષ અને વૃધ્ધ વિના આપણું કલ્યાણ ન હોય માટે તેને પ્રણામ કરીએ**

**શોભા, શીલ, સ્નેહ એ ભારતીય નારીનાં અલંકારો છે**

**લાઠીનાં વતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકીયા તરફથી એક કરોડનું અનુદાન**

**સદ્‌ભાવના વૃદ્ધાશ્રમે ભારતની પૃથ્વીને હરિત કરવા સંકલ્પ કર્યો હોય આપણે સૌ તેમાં જોડાઈએ**




રાજકોટ, તા. ૩૦

માનસ સદભાવના રામકથાના આજે આઠમાં દિવસે પૂ. મોરારિબાપુએ એક શ્લોક દ્વારા વૃક્ષ અને વૃદ્ધનો મહિમા ગાયો. તેમણે શ્લોક ટાંકયો –

**'મૂલે બ્રહ્મા, ત્વચા વિષ્ણુ, શાખે રૂદ્ર મહેશઃ**
**પત્રે પત્રે તું દેવસ્રામ, વૃક્ષરાજ નમોસ્તુતે'**

પૂ. મોરારિબાપુએ અર્થ કરતાં જણાવ્યું કે જેના મૂળમાં બ્રહ્મા છે, ત્વચામાં વિષ્ણુ છે, શાખામાં મહેર છે, પાંદડે પાંદડે પરમાત્મા છે તેવા વૃક્ષને અમે પ્રણામ કરીએ છીએ. તેમણે એમ પણ કહ્યું કે વૃદ્ધના ચરણમાં પણ બ્રહ્મા વસે છે, તેમાં પણ વિષ્ણુ અને મહેશ છે માટે વૃક્ષ અને વૃદ્ધને હંમેશા પ્રણામ કરવા.

પૂ. મોરારિબાપુએ જણાવ્યું કે સદભાવના વૃદ્ધાશ્રમ ભારતની પૃથ્વીને હરિત કરવા સંકલ્પ કર્યો છે ત્યારે આપણે સૌ એમાં જોડાઈ જઈએ. વૃક્ષ અને વૃદ્ધ વિના આપણું કલ્યાણ નથી. ભારતીય પરંપરામાં વૃક્ષ અને વૃદ્ધનું મહિમા ગાન કરવામાં આવ્યું છે. તેમણે શાસ્ત્રોમાં આધાર લઈ વૃદ્ધોને જ્ઞાનવૃદ્ધ, અનુભવવૃદ્ધ, વૈરાગ્યવૃદ્ધ, ધર્મવૃદ્ધ, સ્મૃતિવૃદ્ધ કહ્યા. તેમણે કહ્યું કે રામકથામાં સાત પ્રકારના વૃદ્ધોનો ઉલ્લેખ છે.

પૂ. મોરારિબાપુએ રાજકોટ હવે રામમય બની ગયું છે તેમ કહી કાયમ માટે રામમય રહે એ માટે પોતે હનુમાનજીને પ્રાર્થના કરશે તેવું પણ જણાવ્યું હતું. તેમણે આજની કથામાં સીતાજીનું વર્ણન કરી ભારતીય નારીની શોભા, શીલ, સ્નેહ વગેરે અલંકારો હોવાનું જણાવ્યું. મહાભારતની કથા યાદ કરીને મહાભારતમાં જે છે તે દુનિયામાં છે અને જે મહાભારતમાં નથી તે દુનિયામાં કયાંય નથી એવું પણ જણાવ્યું હતું.

પૂ. મોરારી બાપુ દેશના પ્રખ્યાત રામકથાકાર છે. તેઓ માત્ર દેશમાં જ નહીં,પરંતુ સમગ્ર વિમાં રામકથાનું આયોજન કરે છે. તેમની કથા કહેવાની શૈલી અનોખી હોય છે. પૂ. મોરારીબાપુનો જન્મ તલગાજરડા ગામમાં થયો હતો. તેઓએ માત્ર રામાયણ જ નહી, સાહિત્યને પણ એટલું જ મહત્વ આપ્યું છે. તેમની પ્રેરણાથી ઘણાં બધાં સાહિત્ય પુરસ્કારો પણ આપવામાં આવે છે. મોરારિબાપુએ મે, ૧૯૬૬માં ગાંઠિલા(તા. વંથલી, જિ. ભાવનગર)માં રામકથાનું પ્રથમ નવાહન પારાયણ કર્યુ અને તે પછી તો દેશ–વિદેશમાં તથા સ્ટીમર, એરોપ્લેન વગેરેમાંયે કથાઓ કરતા રહ્યા. તેમણે કૈલાસ–માનસરોવર જઈને ત્યાં પણ કથા–પારાયણ કરેલું છે. તેમણે ૯૪૭ કથા–પારાયણ કર્યાં છે. તેમણે ગુજરાતીમાં તેમજ હિન્દીમાં પણ રામકથાનાં સુંદર પારાયણો કરેલા છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, બ્રાઝીલ, સાઉથ આફ્રિકા, જાપાન, શ્રાલંકા, ઈન્ડોનેશિયા, ઈઝરાયેલ, યુ એન સહિતનાં ઘણા દેશોમાં રામકથા કરી છે. સંયુકત રાષ્ટ્ર મથક ખાતે મોરારીબાપૂની રામ કથા કરાઈ હતી તે કથામાં એ.આઈ.(આર્ટિફીશિયલ ઈન્ટલીજન્સ)નો ઉપયોગ કરીને તેમની પોતાની અવાજમાં અંગ્રેજી સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું હતું.

પૂજય મોરારીબાપૂએ ન્યુયોર્ક સ્થિત સંયુકત રાષ્ટ્ર મુખ્યાલયમાં રામકથાનું આયોજન કર્યુ હતુ. યુએનના મુખ્યાલયમાં કરાયેલ આ આયોજન કોઈપણ આધ્યાત્મિક ગુરૂ દ્વારા કરાયેલું આ પ્રકારનું પ્રથમ આયોજન હતું. બાપુએ તેમના નવ દિવસીય આધ્યાત્મિક કાર્યક્રમ સંસ્થાનને સમર્પિત કર્યો હતો અને વૈશ્વિક શાંતિ માટે પ્રાર્થના કરી હતી. તેઓ યુએનની જનરલ એસેમ્બલી પણ ગયાં હતાં, જયાં તેમણે ગોસ્વામી તુલસીદાસનું રામચરિત માનસ (રામાયણ) મૂકીને વૈદિક સ્તોત્રનો ઉચ્ચાર કર્યો હતો. આ પ્રવચનના મુખ્ય પાંચ તત્વો હતાં–આકાશ, જળ, પૃથ્વી, વાયુ અને અગ્નિ. બાપુએ સંયુકત રાષ્ટ્રના ઉપ મહાસચિવ અમીના જે. મોહમ્મદ સાથે મુલાકાત કરી હતી, જેમણે કહ્યું કે, અગાઉ તમે સંયુકત રાષ્ટ્રના મુખ્યાલયની પરિક્રમા કરી હતી અને હવે તમે મુખ્યાલયના કેન્દ્રમાં છો. તેમણે કહ્યું કે આ આયોજને ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલને સાકાર કરવાના પ્રયાસોને બળ આપ્યું છે. બાપુએ તેમને કહ્યું હતું કે, તેમની વ્યાસપીઠ હંમેશા વિશ્વ શાંતિ,વિશ્વ પ્રગતિ અને વિશ્વ સુખ માટે સંયુકત રાષ્ટ્ર સંઘના કાર્યક્રમની સાથે રહેશે. તેમણે હંમેશા ભારપૂર્વક કહ્યું છે કે વિશ્વના નેતાઓએ સ્વાર્થ છોડીને ઈઝરાયલ અને યુક્રેન સહિત અન્ય ચાલી રહેલાં યુદ્ધની સમાપ્તિ માટે પ્રયાસો કરવા જોઈએ.

પૂ.મોરારિબાપુએ સનાતન ધર્મનો યજ્ઞમાં પોતાની પૂર્ણ, પુણ્ય આહુતિ આપી છે. પૂ. બાપુ સારા વકતા તો છે, પણ એટલા જ સારા શ્રોતા પણ છે. વિશ્વોત્તમ પ્રતિભાઓથી માંડીને લોકજીવનના તળિયાના માણસ સુધી સૌને સમાન ધારણાથી બાપુ સાંભળી શકે છે. કોઈ પણ કલાકાર, ગાયક, વ્યાખ્યાતાની પ્રસ્તુતિની કલાની ટોચની પળ બાપુ પકડી જાણે છે અને આગવી રીતે પોંખે–દાદ આપે. કયારેક ઝૂમી ઊઠતા દેખાય, કયારેક હાથ લંબાવીને વધાવતા હોય, તો કયારેક ખભો ઊંચકીને મોજનો ઉમળકો બાપુ બતાવતા હોય.

રામકથા તો છેવટે રામકથા જ રહેવાની પણ રામાયણને કેન્દ્રમાં રાખીને બાપુએ તદ્દન અલગ–અલગ વિષયોને આવરી લેતી અનેક કથાઓ કરી છે. ૧૯૭૬માં થઈ હતી ત્યારબાદ ૧૯૮૨, ૧૯૮૬ અને એ પછી ૧૯૯૮માં માનસ મુદ્રિકા, ૨૦૦૭ માં માનસ વાલ્મિકી, ૨૦૧૨ માં માનસ હરિહર નામે રામકથા યોજાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિઃસંતાન, નિરાધાર, પથારીવશ,બીમાર વડીલ માવતરના લાભાર્થે ખૂબ આનંદ અને ભકિતભાવ સાથે પ્રખર રામાયણી પૂ. મોરારિબાપુ દ્વારા, વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા 'માનસ સદભાવના' શરૂ થઈ ચુકી છે. આ કથા ૧ ડીસેમ્બર સુધી ચાલશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ૩૦ એકર જગ્યામાં, ૫૦૦૦ નિઃસંતાન, નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું ૧૪૦૦ રૂમ યુકત નવું પરિસર ૩૦૦ કરોડનાં માતબર ખર્ચે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો અને તેની વૃક્ષારોપણની પ્રવૃત્તિનાં લાભાર્થે આ વૈશ્વિક રામકથા યોજાઈ છે. રામકથા દરમિયાન વડિલોનું માન, પર્યાવરણ જતન અને જીવનમાં વૃક્ષોના મહત્વ અંગેની પણ વાત કરવામાં આવી રહી છે. આ કથા દરમિયાન જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃધ્ધાશ્રમની સેવા સુશ્રુસા, નવા અદ્યતન પરિસરના નિર્માણ અને સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૪ વર્ષ સુધી ઉછેર કરવાની પ્રવૃત્તિના વિકાસ માટે, સમગ્ર ભારતને ગ્રીન કરવા માટે વાપરવામાં આવશે.

માનસ સદભાવના રામકથાના આઠમા દિવસના પ્રારંભે સુરતના ઉદ્યોગપતિ અને સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા તરફથી ૧ કરોડ રૂપિયા, નડિયાદ સંતરામ મંદિર તરફથી રૂપિયા ૧૧ લાખ, કલ્પસર સરોવર સમિતિ તરફથી ૧૧,૧૧,૧૧૧નું અનુદાન પ્રાપ્ત થયું.

આ તકે પ.પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજી જણાવ્યું કે સૌરાષ્ટ્રમાં જેમ પૂ. જલારામબાપાનું મંદિર અન્નદાન માટે વિખ્યાત છે તેમ નડિયાદમાં સંતરામ મંદિર વિખ્યાત છે. આજે તેમના સંતોએ અહી પધારી સદભાવના વૃદ્ધાશ્રમને રૂપિયા ૧૧ લાખનું અનુદાન આપ્યું છે.

કલ્પસર સરોવર સમિતિના અધ્યક્ષ વિનુભાઈ ગાંધીએ તેમણે મળેલા ૧૧ લાખના અનુદાનમાં ૧,૧૧૧ ઉમેરી સદભાવના વૃદ્ધાશ્રમને એનાયત કર્યા તો સુરતના ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકીયાએ ૧ કરોડ રૂપિયાનું અનુદાન આપ્યું. વિનુભાઈ ગાંધીએ આ તકે જણાવ્યું કે સૌરાષ્ટ્ર–કચ્છની જળ સમસ્યાનો એક જ વિકલ્પ કલ્પસર યોજના છે. આપણે વડાપ્રધાનને વિનંતી કરીએ કે તેઓ આ યોજનાનો વહેલી તકે ખાતમુહૂર્ત કરે. આપણે સૌ માંગણી નહીં પણ સહયોગ કરીએ.

જાણીતા મોટિવેશનલ રાઈટર પાર્થગિરીશભાઈ કોટેચાએ પૂ. મોરારિબાપુને પોતાનું પુસ્તક ભેટ આપ્યું હતું તો સદભાવના વૃદ્ધાશ્રમ પરિવારના જ હિતેશભાઈ રૂપારેલીયાની ભાણેજ માર્ગીએ પૂ. બાપુને તેમનું ચિત્ર અર્પણ કર્યુ હતું. આજની કથામાં સંતરામ મંદિર, નડિયાદના સંતો, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ મંત્રી કિરીટસિંહ રાણા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આજે કથાના આઠમાં દિવસે પણ ભાવિકો કથા મંડપમાં ઉમટી પડયા હતા.

## લીલીયાના પત્રકાર હનીફ કાતિયારનો આજે જન્મદિવસ



લીલીયા મોટા, તા. ૩૦

સ્વાભિમાન ભારત મુંબઈ સાપ્તાહિક અખબાર થી પત્રકાર ક્ષેત્રમાં પોતાની કારકિર્દી શુભારંભ કરી પ્રીન્ટ અને ઈલેકટ્રીક મિડિયામાં સેવા આપનાર હનીફ કાતિયાર ૩૮ વર્ષ પુર્ણ કરી ૩૯માં વર્ષમાં પ્રવેશતા શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા થય રહી છે નાના લીલીયાના વતની હનીફ કાતિયાર છેલ્લા ૧૦ વર્ષથી લીલીયા તાલુકાના પ્રાણપ્રશ્નને વાચા આપી ગુજરાતના દરેક જીલ્લામાં પત્રકાર જગતમાં પોતાની કલમ કેમેરા થી ઓળખ ઊભી કરી છે.

હનીફ કાતિયાર સ્વાભિમાન ભારત મુંબઈ થી પ્રસિદ્ધ થતું સાપ્તાહિક અખબાર માંથી પોતાની કારકિર્દી શરૂ કરી અમરેલીના અખબાર સંજોગ ન્યુઝ તેમજ ખબરે આજતક વાત્સલ્ય ન્યુઝ સીટીવોચ ન્યુઝ ફોર ઈન્ડિયા કેટીવી ન્યૂઝ મેટ્રો ફાસ્ટ ન્યુઝ ૯ માં રીપોર્ટીગ કરી આર ડી ન્યુઝ રકતદાતા માં હાલ રીપોટર તરીકે સેવા આપી રહ્યા છે હનીફ કાતિયારના જન્મ દિવસના અવસર પર સામાજિક રાજકીય શૈક્ષણીક સંસ્થા અને વિશાળ મિત્ર સર્કલ દ્વારા ૯૭૨૬૪૩૯૬૦૧ પર જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

























**પ્રકરણ : ૨૧૧- ૧૯૬૨**

**આવાઝ દે કે ..હમે .. તુમ ..બુલાઓ ..મૂહબ્બત મે ઈતના. ના હમ કો એ. ગુલ બદન .. ફૂલો કી મેહેક .. કાંટો કી ચુભન.. તુજે દેખ કે કેહતા હમરે ગાવ.. કોઈ આયેગા .. પ્યાર કી ડોર સે બંધ જાયેગા .. હમરે ખૂલી પલક મે ઝૂઠા ગુસ્સા.. બંધ પલક મે પ્યાર .. જીના ભી મુશ્કિલ**

**પ્રિય વાચક મિત્રો ,**

૧૯૬૨ ના વર્ષ ની અંતિમ બે ફિલ્મો ની વાત તરફ આપણે પહોચી ગયા છીએ .. આજે ૧૯૬૨ ના વર્ષ ની ત્રીજા નંબર ની સફળ ફિલ્મની વાત કરીશું .જે શમ્મી કપૂર ના અભિનય અને શંકર જયકિશનના સંગીતથી યાદ કરાય છે. શમ્મીની ગત વર્ષે રંગીન સુપર હિટ ફિલ્મ જંગલી આવી જે પણ બીજા નંબરની સફળ ફિલ્મ રહી, પ્રથમ નંબર પર દિલિપ કુમારની ગંગા જમના જે પણ કલર ફિલ્મ હતી તે રહી હતી, શમ્મી કપૂર ને લઈ આ વર્ષે રંગીન ફિલ્મ આવી છે, જે સફળ રહી હતી. હજુ હિન્દી સિનેમામાં કલર ફિલ્મો ઝૂજ બની રહી છે. ફિલ્મના ખર્ચના લીધે જો ફિલ્મ નિષ્ફળ જાય તો બરબાદીના દ્વાર ખૂલી જાય તેથી કોઈ વધુ ઝોખમ લેતું નથી, પણ દેવ, દિલિપ અને રાજના એક ચકી શાસનમાં પણ છેલ્લા બે વર્ષથી શમ્મી કપૂર સુપર હિટ ફિલ્મો આપી રહ્યા છે, અને તે ફિલ્મો રંગીન છે.



ધરતીનો છેડો એટલે ઘર.. પણ કોઈપણ ઘરમાં વડીલ એટલે કે માતા કે પિતા કે કોઈપણ વડીલ વધુ પડતાં ગુસ્સા વાળું હોય, અને શિસ્તના વધુ પડતાં પાલન કરતાં હોય, તેમની સાથે વાત કરતાં કુટુંબના દરેક સભ્યો ડરતા હોય, અને મનમાં તેને જલ્લાદનું નામ આપતા હોય તેવા પરિવારના બાળકો અને સભ્યોની માનસિકતા કેવી હોય, તેવી વાત લઈ આ ફિલ્મ આવી છે, વધુ પડતાં ગુસ્સાના લીધે ઘરના સભ્યો તેવા વડીલ સાથે મનની વાત કરી શકતા નથી, અને મનમાં મુંજાયા કરે છે, જેમ કે ફિલ્મમાં પરવીન પ્રેમમાં પસ્તાયા બાદ આત્મ હત્યા કરવા વિચારે છે, કારણ કે ઘરના વડીલ તેને સમજી શકે તેમ નથી. નાના બાળકો ભયભીત હોય છે, અને ફિલ્મમાં એવા વડીલ લલિતાના ક્રોધથી શમ્મી બાળકોને બચાવે છે, અને કહે છે કે બાળ માનસ પર આ ક્રોધની ખરાબ અસર પડશે. તો શું આવા વડીલોમાં પરિવાર પ્રત્યે પ્રેમ, લાગણી નથી હોતા, ? ના એવું નથી, તેમનો પ્રેમ લુપ્ત થયેલ સરસ્વતી નદી જેવો હોય છે, જે અંદરથી વહ્યા કરે છે, પણ કોઈ ને તે પ્રવાહ દેખાતો નથી, પણ આ નદી જયારે ત્રિવેણી સંગમ માં જોડાય, એટલે કે લાગણીના વહેણમાં જોડાય એટલે લુપ્ત થયેલ પ્રેમ દેખાઈ આવે છે. બીજી આ ફિલ્મમાં ટયુસન પ્રથાની વાત લઈ આવે છે, જે આજે એક દૂષણ થઈ ગયું છે, તે ૧૯૬૨ ના સમય થી ચાલી આવતી પ્રથા છે, જે પેહલા અમીર લોકો ઉપયોગ કરતાં અને આજે તે શિક્ષણ માટે ફરજિયાત થઈ ગયેલ છે. બીજી વાત ફિલ્મની નાયિકા કલ્પના ની છે. મોટા ભાગના વાચકોને એમ જ હશે કે પ્રોફેસરએ કલ્પનાની પ્રથમ ફિલ્મ છે, પણ તે સાચું નથી, જે તેના પરિચય સાથે જાણીશું .કલ્પના – અર્ચના મોહન જેનું નામ છે, અને ફિલ્મી નામ કલ્પના છે, તેનો જન્મ ૧૮ /૭/૧૯૪૬માં શ્રીનગરમાં થયો હતો, તેના પિતા એક ક્રાંતિ કારી હતા, આઝાદી બાદ તેઓ પૂનામાં સ્થાયી થયા, કલ્પના કથક નૃત્યમાં પારંગત હતા, અને જવાહર લાલ નેહરૂ તેમને, તેના પિતાના અંગત મિત્ર હોવાથી રાજ ભવનમાં નૃત્યનો અવસર આપતા હતા , તેઓ બલરાજ સહાની ના સંપર્કમાં આવ્યા અને તેઓ હિન્દી સિનેમામાં ૧૯૬૨માં પ્યાર કી જીત ફિલ્મથી આવ્યા પણ તે ફિલ્મ સફળ ના રહી, નોટિ બોય પણ સફળ ના રહી, અને પ્રોફેસરએ સુપર હિટ ફિલ્મ બની. તેઓએ માત્ર બાર ફિલ્મોમાં કામ કર્યુ, તેઓ ના બે વાર લગ્ન થયા, પ્રથમ લગ્ન સચિન ભૂમીક જે લેખક છે, તેની સાથે થયા, જે ટૂંક સમયમાં પૂરા થયા, ૧૯૬૭માં તેમણે નેવી અધિકારી સાથે લગ્ન કર્યા, જેમના થકી તેમણે એક પુત્રીને જન્મ આપ્યો, પણ તે લગ્ન વધુ સમય રહ્યા નહીં, તેની પુત્રીની દેખ ભાળ માટે તેમણે ફિલ્મી દુનિયા છોડી દીધી. તેઓ કેન્સરની બીમારીથી પીડિત હતા, અને ૪-૧-૨૦૧૨ ના રોજ અમર થયા પ્રોફેસર – આ ફિલ્મના નિર્દેશક છે, લેખ ટંડન .. જેમની આ નિર્દેશનમાં પ્રથમ ફિલ્મ છે, લેખ ટંડનનો જન્મ ૧૩-૨-૨૯ માં થયો, તેમના પિતા એ પૃથ્વી રાજ કપૂરના ખાસ મિત્ર હતા, અને લેખને ફિલ્મોમાં રસ હતો, તો પૃથ્વી રાજના સહયોગથી લેખ ટંડન હિન્દી સિનેમા માં ૧૯૪૮ માં સહાયક નિર્દેશક તરીખે આગ ફિલ્મમાં આવ્યા, અને ૧૯૬૨ માં તેમની નિર્દેશક તરીખે પહલી ફિલ્મ પ્રોફેસર સુપર હિટ રહી, ત્યારબાદ તેમણે ઘણી સફળ ફિલ્મો આપી જેની વાત આગળ કરતાં રેહશું , તેઓ ૨૦૧૬ સુધી સક્રિય રહ્યા હતા, તેઓ ૧૫-૧૦-૨૦૧૭ માં અમર થયા , એફ. સી. મેહરા, ના નિર્માણ માં, અબરાર અલ્વિ ની કથા, દ્વારકા દિવેચાની સિનેમા ઓટો ગ્રાફી, પ્રેમ મેહરાની એડિટિંગ, અને શૈલેન્દ્ર, હસરત જઈપૂરીના ગીતો, શંકર જયકિશનના મધુર, યાદગાર સંગીતમાં, રફી સાહેબ, લતાજી, ઉષા મંગેશકર, મન્ના ડે, ના સ્વરમાં રચાયેલ યાદગાર ગીતો સાથે શમ્મી કપૂર, કલ્પના, રણધીર, સલિમખાન, પરવીન ચૌધરી, પ્રતિમા દેવી, બેલા બોસ, ટૂન ટૂન, અમોલ સેન, રશિદ ખાન, ઈફતેખાર, અને લલિતા પવાર થી અભિનીત આ ફિલ્મ વર્ષની ત્રીજા નંબરની સફળ ફિલ્મ રહી, જે ફિલ્મે તે સમયે એક કરોડનો નફો કરેલ હતો.

**ફિલ્મી સફર**

**(એક ઈતિહાસ)**

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

શમ્મી એક બેકાર શિક્ષિત યુવાન છે, તેને નોકરીની ખાસ જરૂર છે, કારણ કે તેની માતા બીમાર છે, અને તેની સારવાર માટે તેને ધનની જરૂર છે, પણ તેને નોકરી મળતી નથી, લલિતા એક એવા પ્રોફેસર ની તલાશમાં છે, જે વૃદ્ધ હોય, કારણ કે તેની બે ભત્રીજીઓ યુવાન છે, અને તે કોઈ યુવાન પ્રોફેસર પાસે તેમને શિક્ષણ દેવા માંગતી નથી, રૂપિયાની જરૂરતના લીધે શમ્મી એક વૃદ્ધ તરીખે નોકરીની અરજી કરે છે, અને તેને નોકરી મળી જાય છે, લલિતા દાર્જિલિંગમાં રેહતી હોય છે, શમ્મી એક વૃદ્ધનો વેશ ધારણ કરી ત્યાં પહોચે છે, તેને ખ્યાલ આવે છે કે લલિતા એક જિદ્દી અને શિસ્તની પાલનમાં માનવાની સાથે એક ક્રોધી સ્ત્રી છે, તેની ભત્રીજી આ તેની વિરૂદ્ધ જવામાં ડર અનુભવે છે, તેની ભત્રીજીઓ કલ્પના અને પરવીનને વૃદ્ધ શમ્મી પાસે શિક્ષણ લેવું નથી. તેથી તે શમ્મીને ત્યાંથી દૂર કરવાના પ્રયત્ન કરતાં હોય છે, અને લલિતાને કહે છે કે શમ્મી તેમના વિષે વખાણ કરી બોલતા હતા, લલિતાને તે અંદરથી પસંદ પડે છે, અને ઢળતી ઉમરે તેને શમ્મી પ્રત્યે લગાવ થાય છે, સાથે શમ્મી યુવાન




સ્વરૂપે કલ્પનાને મળે છે, અને પ્રિતમ નામથી ઓળખ આપે છે, બન્ને વચ્ચે મીઠી તકરાર પ્રેમમાં પરિણમે છે, શમ્મી એક દિવસ કલ્પનાને તેનું અસલી સ્વરૂપ કે પોતેજ પ્રોફેસર છે, તે જણાવી દે છે, કલ્પના પેહલા નારાઝ થાય છે, પણ શમ્મીની માતા પ્રત્યેની લાગણીના લીધે કરેલ આ કામથી તે પ્રભાવિત થાય છે, અને શમ્મીનો પ્રેમ માન્ય રાખે છે. લલિતા શમ્મી પ્રિતમએ પ્રોફેસરનો ભત્રીજો છે, તે જાણી કલ્પના અને પ્રિતમ ના લગ્ન અને તેના અને પ્રોફેસરના લગ્નની જાહેરાત સમાજમાં કરી દે છે, તે જાહેરાતથી શમ્મી અને કલ્પના વિટંબણામાં મુકાઈ જાય છે, તેવા માં, પરવીન જે સલિમને ચાહે છે, પણ સલિમ તેને ગર્ભવતી બનાવી રૂપિયા માટે બીજી યુવતી સાથે લગ્ન કરવા તૈયાર થઈ જાય છે, તો પરવીન લલિતાના ડરથી આત્મહત્યા કરવા વિચારે છે, પણ શમ્મી તેને બચાવી લે છે, પણ શમ્મી અને પ્રિતમ એક જ વ્યક્તિ છે, તે લલિતાને ખબર પડી જાય છે, અને તે પરવીનના બાળકનો પિતા છે તેવો આરોપ મૂકે છે, પણ શમ્મી સલિમને શોધી લાવી સત્ય બહાર લાવે છે, બન્ને ભત્રીજીઓ લલિતાને ધિક્કારે છે, ત્યારે શમ્મી લલિતાના માતુત્વને જાગૃત કરે છે, અને લલિતા તે સમયે કલ્પના અને શમ્મી, પરવીન અને સલિમને સ્વીકારી અહમ દૂર કરે છે. આ કહાની તે સમયે નવી હતી,

ત્યારબાદ હિન્દી સિનેમામાં આગળ જતાં કમાલહસન અને ગોવિંદા અભિનીત આ કહાની પરથી ફિલ્મો આવશે, જે પણ સફળ હશે. શમ્મી કપૂર અને લલિતા પવાર બન્નેએ લાજવાબ અદાકારી કરી છે, સાથે ફિલ્મને સફળ બનાવવામાં ફરી શૈલેન્દ્ર, હસરતના લખેલ ગીતો, શંકર જયકિશનનું મધુર સંગીત, અને રફી સાહેબ, અને લતાજીના સ્વરમાં રચાયેલ ગીતોએ એક ઈતિહાસ રચેલ છે,

રફી સાહેબના સ્વરમાં ‘ એ ગુલબદન, ગીત અને ખૂલી પલક મે ઝૂઠા ગુસ્સા બંધ પલક મે પ્યાર... તો રફી સાહેબ અને લતાજી યાદગાર યુગલ ગીત ‘આવાઝ દે કે હમે તુમ બુલાઓ. મુહબ્બત મે ઈતનાના હમ કો સતાવો... ગીત આજે પણ યાદગાર ગીતોની યાદીમાં છે, આગામી અંકમાં ૧૯૬૨ના વર્ષની અંતિમ અને વર્ષની પ્રથમ નંબરની ફિલ્મ જેમાં નવોદિત કલાકાર નાયક છે, અને ફિલ્મ એક હોરર સસ્પેન્સ ફિલ્મ છે, જેના ગીતો આજે પણ યાદગાર ગીતોની યાદીમાં છે, તેવી ફિલ્મની સાથે મળીશું. આભાર.

## રાજકોટ સ્થિત ઐતિહાસિક ‘રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮’ખાતે ‘મેઘાણી સ્મૃતિ’ની મુલાકાત લઈને પૂ. મોરારિબાપુએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

# બગસરા ખાતે આગામી વર્ષે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પૂણ્યસ્મૃતિમાં માનસ મેઘાણી કથાનો પૂ.મોરારિબાપુએ મનોરથ વ્યકત કર્યો

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું દરેક સ્મરણ અને સ્મૃતિ સ્થળ મારા માટે તીર્થ સમાન છે : પૂ.મોરારિબાપુ

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની બાલ્યાવસ્થાની લીલાભૂમિ રાજકોટના સદર વિસ્તારમાં આવેલી ૧૫૫ વર્ષ જુની ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮ માં વિશ્વવિખ્યાત સંત-કથાકાર, સંસ્કૃતિ, સાહિત્ય,સંગીત, શિક્ષણ, પ્રેમી પૂ. મોરારિબાપુએ પાવન પગલાં પાડીને આશીર્વાદ આપ્યાં હતાં. ઝવેરચંદ મેઘાણીનું દરેક સ્મરણ અને સ્મૃતિ, સ્થળ પોતાનાં માટે તીર્થ સમાન છે. તેમ તેઓએ લાગણીભેર અંજલિ અર્પી હતી. ઝવેરચંદ મેઘાણીની પૂણ્યસ્મૃતિમાં એમનાં વડવાઓનું વતન બગસરા, (જિ. અમરેલી) ખાતે વર્ષ ૨૦૨૬માં ઝવેરચંદ મેઘાણીની પુણ્યતિથિ-૦૯ માર્ચ આસપાસ માનસ મેઘાણી કથાનો મનોરથ પૂ. મોરારિબાપુએ વ્યકત કર્યો હતો.



ઝવેરચંદ મેઘાણીના પૌત્ર, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટના પ્રણેતા પિનાકી નાનકભાઈ મેઘાણીએ પૂ. મોરારિબાપુનું ભાવભર્યુ સ્વાગત કરીને હૃદયથી આભાર માન્યો હતો. ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ ઉપરાંત ખ્યાતનામ લોકકલાકારો ધીરૂભાઈ સરવૈયા અને લલિતાબેન ઘોડાદ્રા, રાજકોટ મહાનગરપાલિકાના દંડક મનિષભાઈ રાડીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં વાઈસ-ચેરમેન પ્રવીણભાઈ નિમાવત, પ્રશ્વિમ ગુજરાત વીજ કંપની લિ.નાં કંપની સેક્રેટરી હાર્દિકભાઈ ચૌહાણ, મદદનીશ ગ્રંથાલય નિયામક લલિતભાઈ મોઢ, પૂ. સંત જલારામબાપા (વીરપુર) પરિવારના ભરતભાઈ ચાંદ્રાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં યુઆરસી શૈલેષભાઈ પાડલીયા, સીઆરસી મનિષાબેન ચાવડા, ભરતભાઈ કાનગડ, વિમલભાઈ રૈયાણી અને ઈલાબેન મોરી, આચાર્ય પૂર્વીબેન ગાંધી અને માલતીબેન વ્યાસ-જોષી, શિક્ષકો સેંજલબેન પરમાર, મનિષભાઈ ભાલાળા અને દમયંતીબેન બોરડ, જન્મભૂમિ ચોટીલાથી કિરીટસિંહ રહેવર (મામા) મહિપતસિંહ વાઘેલા, ઉગ્રસેનસિંહ ગોહિલ અને ભરતસિંહ ડાભી, કર્મભૂમિ રાણપુરથી રમેશભાઈ બદ્રેશિયા, સગુણાબેન નલીનભાઈ ભટ્ટ, તુષારભાઈ ભટ્ટ, નેશનલ યુથ પ્રોજેકટના રાજેશભાઈ ભાતેલીયા, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના અનવરભાઈ ઠેબા, મહાત્મા ગાંધી મ્યુઝિયમ (આલ્ફ્રેડ હાઈસ્કુલ)ના કૃષ્ણકાંતભાઈ દેસાઈ, સંગીતની દુનિયાના નિલેશભાઈ વાવડીયા, ધીરેન્જ્ઞભાઈ ગોંડલીયા, વાલજીભાઈ પિત્રોડા, પિયુષભાઈ જાવિયા, સુનિતા કોઠામડીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

અહીં સ્થાપિત મેઘાણી-પ્રતિમાને પૂ. મોરારિબાપુએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મેઘાણીગાથા પ્રદર્શન, મેઘાણી – સાહિત્ય કોર્નર અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી બાળ પુસ્તકાલયને રસપુર્વક નિહાળીને રાજીપો વ્યકત કર્યો હતો. ૧૯૩૧માં બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ઈંગ્લેન્ડ જઈ રહેલા મહાત્મા ગાંધીની મનોવ્યથાનું સચોટ નિરૂપણ કરતું ઝવેરચંદ મેઘાણી રચિત અમર કાવ્ય છેલ્લો કટોરનું પૂ. મોરારિબાપુએ હૃદયસ્પર્શી આચમન કર્યુ ત્યારે અનેકની આંખો આંસુભીની થઈ ગઈ હતી. ઐતિહાસિક સ્મૃતિ- સ્થળને જીવંત રાખવા બદલ પિનાકી મેઘાણીને અભિનંદન આપ્યા હતા.

જયાંથી ૧૯૦૧ માં ઝવેરચંદ મેઘાણીએ શાળા-શિક્ષણનો આરંભ કર્યો હતો તે રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત તે સમયની આ ઐતિહાસિક તાલુકા શાળાનો ગુજરાત સરકારનાં પ્રવાસન વિભાગનાં ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત સુયોગ્ય રીતે જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે જે ખાસ ઉલ્લેખનીય છે.

**આલેખન**
**પિનાકી નાનકભાઈ મેઘાણી – ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન**
**(મો.૯૮૨૫૦ ૨૧૨૭૯)**

## * સ્વર્ગનું ઝરણું *

બરાબર ૬૧ મે વર્ષે ગોપાલદાસ પોતાનો નાનકડો બંગલો બંધાવી શકયા. બંગલાનું વાસ્તુ કર્યુ. પહેલી રાત ત્યાં ગાળી, ત્યારે એમનાં મુખમાંથી ગઝલની પહેલી પંકિત કરી પડી.

"બેફામ તો એ કેટલું થાકી જવું પડયું.

નહીંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી."

બંગલામાં ચારે બાજુ માની મોટી કદની તસ્વીરો લટકતી હતી. પુછતા ખબર પડી કે ગોપાલદાસભાઈને મા ખુબ વહાલી હતી. ત્યારે માં પ્રત્યેની જાત વિશે પુછતા એમણે રૂમાલથી આખો લૂછી. ધીમા દુઃખી સ્વરે બોલ્યા."સાચું કહું તો મારી માને મેં બહુ જ હેરાન કરી હતી. ખુબ જ દુઃખ આપ્યું હતું. એટલી હદે મેં એની મમતાનું શોષણ કયુ હતું. એક દહાડો માએ ઉઠીને જ શ્રાપ આપ્યો હતો – ગોપાલ તું જ જેટલી મને રોવડાવે છે. એટલું તારા છોકરા તને રોવડાવશે. એ વખતે તું મને યાદ કરજે. જોકે મા આ બધું ગુસ્સામાં બોલી રહી હતી. મા કયારેય દીકરાનું બુરૂ ઈચ્છે જ નહીં. જોકે મેં મારા સ્વાર્થ ખાતર માને ઘણી વખત મારી હતી. "ગોપાલભાઈ રડી પડયા.

એની કથા આવી હતી. વિધવા માનું એકનું એક સંતાન તે ગોપાલ. માએ ગોપાલને ભણાવવાનો પ્રયત્ન કર્યો. પણ તે ભણી શકયો નહી. પેટનાં બે ચૂલાની આગ ઓલવવા નાનું બાળક સાચવવાનું મોતીકામ, સાડીને ફોલ ચડાવવો વગેરે કામ કરતી. એક જ આશાએ જીવી રહી હતી કે ગોપાલ ભણીગણીને કામ લાગે. પરણે, ઘરમાં વહુ આવે. પછી બે પગ વાળી બેસું.

૧૨-૧૩ વર્ષની વયે ગોપાલને એવા ભાઈબંધો મળ્યા કે જે એની જિંદગીને બરબાદ કરવા માટે પુરતા હતા. સગા સંબંધીઓ ઓળખીતાઓ કુંટુંબ પ્રત્યે હમદર્દી દાખવતા પરિવારો પાસે હાથ લંબાવીને જલસા કરતો, એક વખત એના બાપુજીના મિત્રો પાસે જઈને કહયું," મા ખુબ જ માંદી છે. વૈદે હવે નવી પડીકીઓ આપવાનું બંધ કર્યુ છે. કેમ કે આગલા પૈસા બાકી છે."

બાપુજીના મિત્ર પૈસા આપે છે. અને નવલશંકર વેદને ગોપાલની માતાનો દવાનો ખર્ચો આપવાની વાત કરે છે. બે ત્રણ દિવસ

**દિપ્તિબેન પી. રાવળ**
**ઉપલેટા-જિ.રાજકોટ**

પછી બાપુજીના મિત્રને ગોપાલની મા રસ્તામાં મળી ગઈ. માંદગીના સમાચાર પુછયા. ત્યારે દીકરાની વાત સમજાય.

આ છોકરો માનું જીવતર બગાડી રહયો છે. તે સમજાયું. કામધંધો કરવા માં પોતાની બચત આપે છે તે પણ મોજ શોખમાં ઉડાડી દે છે. ગોપાલે પિતાનાં બીજા મિત્રો પાસેથી પણ મા મૃત્યુની અણી પર છે એવું નાટક કરી પૈસા માંગ્યા. પિતાનાં બીજા મિત્રો માતાને મળવા ઘરે આવ્યા ત્યારે ગોપાલનો ભાંડો ફુટી ગયો. એ રાત્રે માએ પુત્રનો ઉધડો લેતા કહયું, "તું તે માણસ છે કે કોણ છે. ? પૈસા માટે તારી માનો મરણ વાંછયું ? અરે દીકતા....! મારી સેવા કરે, એના પગ દાબે એને કામે જવા ન દે. ત્યારે તું એવો દીકરો કેવો નીકળ્યો ? ૧૫ વર્ષનો ઢાંઢો થયો તોય ન ભણ્યો કે ન ગણ્યો.

માની આરતી પકડવા સિવાય કે બીજું કર્યુ છે શું ? તને તો તારૂ પેટ પહોંચશે એ તારૂ મરણ બગાડશે. તારી લત પોસવા માને મારી નાખવાની ? તને પૈસા જોઈતા હોય તો કામ કરીને મેળવ અરે એ તારાથી ન થાય તો જા કોઈ મંદિર પાસે ત્યાં ઉભો રહે. ભીખમાં મળશે.એ દિવસે ગોપાલની માતાએ ગોપાલને એટલું સંભળાવ્યું. ગોપાલ ઉભો ઉભો જ સળગી ગયો. એમાં એનાં વાકય.' જેણે તને જન્મ આપ્યો છે એને તું મારવા બેઠો છે." આ વાકયો ગોપાલના હૃદયમાં ચોટ આપી. એ જ દિવસે ગોપાલે ઘર છોડયું. એ અહીંથી ત્યાં ભટકયો. પેટનો ખાડો પુરવામાં મજુરી કરી. કાપડનાં વેપારીને ત્યાં કાપડનાં તાકા ઉપાડવાની કામગીરી કરી. કાપડની લાઈનમાંથી એ જે કઈ શીખ્યો એના ભવિષ્યના પથ માટે બસ હતું.માતા જયારે છેલ્લા શ્વાસ લેતી હતી ત્યારે ગોપાલ માની ખબર કાઢવા આવ્યો. માની સેવા ન કરી. પણ એની ચિતાને આગ આપવાનું પુણ્ય કાર્ય કર્યુ.માનવ મૃત્યું બાદ ઘરનાં એક કબાટનાં ખૂણેથી ગોપાલને એક નાનકડો ડબ્બો મળ્યો. ડબ્બામાં માની આજ સુધીની સંઘરેલી નાની બચત, સોનાની બે પાતળી બંગડીઓ અને ચાંદીનો એક મંગળસૂત્ર, સાથે એક ચિટ્ટીમાં લખ્યું હતું. – ગોપાલની વહુને આપવું, મારા આશીર્વાદ.ગોપાલ રડી પડયો. મરતા મરતા એમાં લખ્યું હતું. – પુત્રનું કલ્યાણ થાજો.આજે મા ગઈ. એને શું કર્યુ માં માટે ? કશુંય નહીં. માત્ર દુઃખ નિસાસા, સંતાપ, ચિંતા અને બળાપા સિવાય, એણે એને આપ્યું હતું શું ?બસ પછી તો ગોપાલ જીવ્યો. કામ ધંધે લાગ્યો.

પ્રગતિ કરી, પરણીઓ.પછી પુત્ર અને એક પુત્રીનો બાપ બન્યો. પણ દરેક પ્રસંગે એ માને સંભારતો રહયો. માના આત્માને શાંતિ મળે એ માટે એની દરેક પુણ્યતિથિ એ પુજા દાન કર્યા. માના પ્રતૃત્વનો પોતાની રીતે તર્પણ કર્યુ.ગોપાલદાસે બંગલાને માનું નામ આપ્યું. કલાપીએ પસ્તાવાને માટે કહ્યું છે – સ્વર્ગનો ઝરણું કહ્યું છે. આ સ્વર્ગના ઝરણાને પોતાનાં ઘરની દરેક દિવાલ પર રાખ્યું હતું." હા પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યુ છે. પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."

# લીલીયામોટાથી દાડમાં ગામ સુધીનાં માર્ગનું ભૂમિપૂજન કરતા ધારાસભ્ય કસવાલા






લીલીયા મોટાના વિકાસ શિલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે દાડમાં ના પાટિયાથી લીલીયા ઉમિયા માતાજીના સર્કલ સુધી રસ્તો પહોળો કરવાના કામનું ભૂમિ પૂજન કરાયું દાડમાંથી લીલીયા સુધી આ રસ્તો ૧૦ મીટર પહોળો બનાવવામાં આવશે તેમજ લીલીયામોટાથી પૂંજાપાદર રેલવેફાટક સુધી તેમજ ગાગડીઓ પુલ થી અમરેલી જિલ્લાની હદ સુધી રસ્તાનું રિસ્ફેંસિગ કામનો પણ સમાવેશ કરવામાં આવેલ છે આ કામમાં સલડી પૂંજાપાદર ગામમાંથી પસાર નુકશાન પામેલ ડામરના રસ્તાના સ્થાને બન્ને ગામમાં ૧૫૦.૦૦ મી જેટલા સી.સી.રોડને કરવાનું કામ પણ સમાવિષ્ટ કરવામાં આવેલ છે આ કામમાં કુલ ૫ જૂના સાંકડા સ્લેબ ડ્રેઈનના સ્થાને નવા ૧૨.૫૦ મી પહોળા સી.સી સલેબ તેમજ ૪ જૂના નાળાના સ્થાને નવા પહોળા સી.સી.પાઈપ નાળાનો સમાવેશ પણ કરવામાં આવેલ છે જે કામ અંદાજે ૧૪ કરોડ રૂપિયા જેવી માતબર રકમનું થવા જઈ રહ્યું છે ત્યારે લીલીયા તાલુકાની જનતામાં આનદની લાગણી છવાઈ છે આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ સાવજ, કેતનભાઈ ઢાકેચા, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, નાયબ કાર્યપાલક ઈજનેર જે.જે. બરવાળીયા મદદનીશ ઈજનેર બી.આર. ચાઉ, કેપ્ટન ધામત, વિજય ગજેરા, હિતેશ પરમાર, આનંદ ધાનાણી, ભીખાભાઈ ધારૈયા, ભાસ્કરભાઈ પટેલ, હસમુખભાઈ પોલરા, એચ.પી. ભડકોલીયા, સુરેશભાઈ રામાણી, બાલાભાઈ ભરવાડ, ડાયાભાઈ માલવિયા, ધીરૂબાપુ, સુરાભાઈ ખાચર, ધનસુખભાઈ નારોલા, પત્રકાર ભરતભાઈ વિંઝુડા, સહિતના લીલીયા તાલુકા ભાજપના કાર્યકરો હોદેદારો તેમજ સરપંચો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી ગજેરા કેમ્પસના ખેલાડીઓ SGFI સ્ટેટ લેવલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૧ ગોલ્ડ, ૩ સિલ્વર, ૨ બ્રોન્ઝ મેળવ્યા




અમરેલી, તા. ૩૦

અમરેલી તારીખ ૫ થી ૭ નવેમ્બરના રોજ શાળાકીય રમોત્સવ SGFI સ્ટેટ લેવલ એથ્લેટિકસ ચેમ્પિયનશિપ ૨૪નું આયોજન નડિયાદ મુકામે યોજાયેલ. તેમાં સ્ટેટના વિવિધ શાળાઓમાંથી ખેલાડીઓ પાર્ટિસિપશન કરેલ હતું જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના ખેલાડીઓ એથ્લેટિકસ રમતમાં કવોલિફાઈ થઈ મેડલ મેળવેલ, જેમાં (૧) મોરી રતીક્ષા લોંગ જમ્પ ગોલ્ડ મેડલ મેળવેલ તેમજ ૧૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ પાપ્ત કરેલ, (૨) મેર દિપાલી ૪૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ મેળવેલ, તેમજ ૬૦૦ મીટર દોડમાં સિલ્વર પ્રાપ્ત કરેલ, (૩) મકવાણા જાનવી ૨૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ. અને ૪૧૦૦મીટર રીલેદોડમાં (૧) રાઠોડ બિંદીયા (૨) મોરી રતીક્ષા (૩) મેર દિપાલી (૪) મકવાણા જાનવી બ્રોન્ઝ



મેડલ મેળવેલ. અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત – ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ ભૂરીયા રતનસિંહ તેમજ ટ્રેનર વૈસાલીબેન પટોળિયા, પુજાબેન બામણીયાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૨ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૮૦૧ | ૧૦૭૬ |
| ૩ | ઘઉં | ૫૬૦ | ૬૦૧ |
| ૪ | ચણા | ૧૨૦૦ | ૧૩૧૨ |
| ૫ | ધાણા | ૧૨૩૫ | ૧૩૯૦ |
| ૬ | તલ | ૨૩૦૫ | ૨૩૫૧ |
| ૭ | અડદ | ૧૩૭૦ | ૧૫૦૦ |
| ૮ | સોયાબીન | ૬૦૦ | ૮૦૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૫ | ૧૦૭૦ |
| ૨ | શિંગ મોટી | ૮૨૨ | ૧૨૦૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૨૮૬ |
| ૪ | તલ સફેદ | ૧૪૭૫ | ૩૦૦૦ |
| ૫ | તલ કાળા | ૨૯૩૫ | ૪૫૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૮૨ | ૩૨૮૨ |
| ૭ | બાજરો | ૪૮૮ | ૬૦૦ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૮૧૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૬૪ | ૬૬૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૬૦ | ૬૮૩ |
| ૧૧ | મકાઈ | ૫૫૧ | ૬૩૦ |
| ૧૨ | મગ | ૯૦૦ | ૧૬૫૦ |
| ૧૩ | અડદ | ૮૧૦ | ૧૫૧૦ |
| ૧૪ | ચણા | ૯૧૦ | ૧૩૯૦ |
| ૧૫ | કપાસ | ૯૬૨ | ૧૫૧૪ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ૧૭ | જીરૂ | ૩૭૮૦ | ૪૫૪૦ |
| ૧૮ | ધાણા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ૧૯ | સોયાબીન | ૬૫૦ | ૮૩૭ |
| ૨૦ | મરચા લાંબા | ૭૨૦ | ૨૪૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો**

હતી અને મેં આશરે ૭ વર્ષ પહેલાં પ્રાકૃતિક કૃષિનો પ્રયોગ કર્યો હતો. ત્યારબાદ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અભિયાન દરમિયાન પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધતા આ અભિયાન વધુ તીવ્ર બન્યું હતું.

હું ૧૫ વીઘા જમીનમાં કાળી શેરડી, શાકભાજી, ઘંઉ, બાજરો, કઠોળ, બાગાયત, મગફળી સહિતની પ્રાકૃતિક કૃષિ કરી રહ્યો છું. આ સમગ્ર વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિથી કાળી શેરડીની શરૂઆત મેં કરી હતી જેમાં આશરે ૨૫–૩૦ લાખ રૂપિયા સુધીનું વળતર મળ્યું હતું.

તેમણે ઉમેર્યુ કે, આ ઋતુમાં તાજેતરમાં જ મગફળીનું વેચાણ થયું છે. આ સાથે લાલ તુવેર, કાબુલી ચણા, લસણ, શેલમ હળદર વગેરે વાવી હતી. આગામી દિવસોમાં ઘંઉનું વાવેતર કરી અને મિશ્ર પાક તરીકે આવી રીતે જ અન્ય પાક તેમજ શાકભાજી, કઠોળ વાવશું.

પ્રાકૃતિક કૃષિના આધાર સ્થંભ એવા દેશી ગાય અને જીવામૃત વિશે તે જણાવે છે કે, મારી પાસે ૨ દેશી ગાય અને ૨ વાછરડી છે. આ ગૌ મૂત્રથી હું જીવામૃત તૈયાર કરૂં છું અને વિપૂલ પ્રમાણમાં સંગ્રહ કરી શકું છું. ડ્રીપ ઈરીગેશન અને પારંપારિક પિયત પદ્ધતિથી જીવામૃત પાક આપી અને સારૂં પરિણામ મેળવીએ છીએ. અમારા ફાર્મ પર ખેડૂતોને જીવામૃત, કીટનાશકો, ફૂગનાશકો અને પ્રાકૃતિક ખાતર તૈયાર કરવાનું જીવંત નિદર્શન પણ મળી રહે છે. આ સાથે આત્મા પ્રોજેકટના વિવિધ કાર્યક્રમોમાં હું ખેડૂતોને માર્ગદર્શન પણ આપું છું.

ભણતર કરતાં પણ ગણતર મહત્વનું છે એમ માનતા કોઠાસૂઝ ધરાવતા હરેશભાઈ જણાવે છે કે, ખેડૂતોને માર્ગદર્શન મળે તે માટે યુ–ટયૂબના માધ્યમથી વીડિયો મૂકું છું. એક પ્રકારે મારૂં ફાર્મ પ્રાકૃતિક કૃષિની લેબોરેટરી છે. તાજેતરના જ સોઈલ ટેસ્ટીંગના નમૂના મુજબ મારા ખેતરમાં રાસાયણિક ખેતી કરતા ખેડૂતોના ખેતર કરતાં કાર્બન અને નાઈટ્રોજન વધારે પ્રમાણમાં જોવામળ્યું છે. રાસાયણિક ખાતરો અને દવાઓની વ્યાપક અસરથી ખેતીની મુકત કરી અને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે ખેડૂતોને અમરેલીના આ ખેડૂત પ્રેરણા પૂરી પાડે છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૫ | ૧૪૭૧ |
| ૨ | મગફળી | ૯૧૨ | ૧૧૨૦ |
| ૩ | ચણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૪ | જુવાર સફેદ | ૭૨૫ | ૭૨૫ |
| ૫ | સોયાબીન | ૭૯૯ | ૮૧૫ |
| ૬ | બાજરો | ૫૨૧ | ૫૨૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૨૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૪૦ | ૧૩૬૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૨૬ | ૧૧૯૪ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૮ | ૧૦૮૨ |
| ૫ | અડદ | ૧૧૯૫ | ૧૪૬૫ |
| ૬ | ઘઉં | ૫૧૫ | ૬૪૫ |
| ૭ | તલ સફેદ | ૨૦૧૯ | ૨૧૨૧ |
| ૮ | તલ કાળા | ૩૧૦૦ | ૪૨૪૦ |
| ૯ | જીરૂ | ૩૯૭૫ | ૪૫૨૫ |
| ૧૦ | સોયાબીન | ૭૭૭ | ૮૦૩ |
| ૧૧ | ચણા | ૧૧૧૦ | ૧૨૯૦ |
| ૧૨ | લાલ જુવાર | ૫૫૦ | ૬૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૧૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૯૧ |
| ૩ | તલ સફેદ | ૧૬૯૫ | ૨૨૪૦ |
| ૪ | તલ કાળા | – | ૩૯૦૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૬૦૦ |
| ૬ | કપાસ | ૧૩૭૫ | ૧૫૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૨૫ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ૧૦ | મકાઈ | – | ૪૭૧ |
| ૧૧ | મગ | ૧૪૭૫ | – |
| ૧૨ | કળથી | ૮૩૩ | – |
| ૧૩ | અડદ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૧૫ | સોયાબીન | ૭૩૦ | ૮૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું **સાબરમતી જેલમાંથી પેરોલ મેળવીને**

એસ–૧૬૪૬૧ ગુજરાત હાઈકોર્ટના હુકમ ક્રમાંક સ્પે.એપ્લી. નં. ૧૩૪૮૪/૨૪ તા. ૧૪/૧૦/૨૪ના સંદર્ભથી દિન ૭ ના દિવસ માટે તા. ૨૮/૧૦/૨૪ ના રોજ અત્રેની જેલથી પેરોલ પર મુકત કરવામાં આવેલ હતાં અને તા. ૫/૧૧/૨૪ના રોજ કેદીને પરત હાજર થવાનુ હતુ. પરંતુ હાજર ન થતા ફરાર થઈ ગયેલ હોય જેથી પેરોલ પર મુકત થનાર પરેશ ઉર્ફે પાંચાભાઈ જોગદીયા સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારોમાં**

હતા અને કામ કરતી એજન્સીને સારા અને ગુણવત્તાસભર રસ્તાઓ બને તે માટે તાકીદ કર્યા હતા. ત્યારબાદ સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે રૂા. ૬૦ લાખના ખર્ચે તૈયાર થયેલ ઓળીયા પેટા આરોગ્ય કેન્દ્ર દર્દીનારાયણો માટે લોકાર્પણ કરાયુ હતુ. આ સમગ્ર આયોજનમાં કસવાલા સાથે જીલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, સરપંચો, માર્ગ અને મકાન વિભાગના અધીકારીઓ અને ગ્રામજનો, ભાજપ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા. તેમ ' 'અટલધારા'' કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં

અરજદાર : (૧) શ્રી જયંતીભાઈ શંભુભાઈ બુટાણી — જન્મ નોંધ અરજી રજી.નં. ૮૦/૨૦૨૪
રે. ભેંસવડી, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકિલ શ્રી કિશોરભાઈ એમ પાઠક
ઠે. ''મનુસ્મૃતિ'' કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા મો. ૯૪૨૭૪૨૯૫૯૦

**વિરૂધ્ધ**

સમાવાળા : તલાટી કમ મંત્રી–વ–જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ભેંસવડી તા. લીલીયા જી.અમરેલી

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના ભેંસવડી ગામના રહીશ શ્રી જયંતીભાઈ શંભુભાઈ બુટાણીએ તેમના પોતાનો જન્મ ભેંસવડી મુકામે તા. ૦૧/૦૬/૧૯૫૮ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી જયંતીભાઈ શંભુભાઈ બુટાણીના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને – ૧૯૫૮માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટર નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈ વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૭/૧૧/૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા**

### તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં

અરજદાર : (૧) શ્રી તુષાર નંદલાલભાઈ વાઢેર — જન્મ નોંધ અરજી રજી.નં. ૭૮/૨૦૨૪
રે. લીલીયા મોટા, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકિલ શ્રી કિશોરભાઈ એમ પાઠક
ઠે. ''મનુસ્મૃતિ'' કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયા મોટા મો. ૯૪૨૭૪૨૯૫૯૦

**વિરૂધ્ધ**

સમાવાળા : તલાટી કમ મંત્રી–વ–જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, લીલીયા તા. લીલીયા જી.અમરેલી

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના લીલીયા ગામના રહીશ શ્રી તુષાર નંદલાલભાઈ વાઢેરએ તેમના પોતાનો જન્મ લીલીયા મુકામે તા. ૨૬/૦૪/૧૯૯૪ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી તુષાર નંદલાલભાઈ વાઢેરના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને – ૧૯૯૪માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટર નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈ વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૭/૧૧/૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૧૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૭૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૧ |
| ૪ | જુવાર | ૭૮૦ | ૭૮૦ |
| ૫ | સોયાબીન | ૫૯૦ | ૭૭૧ |
| ૬ | મગફળી | ૬૫૦ | ૯૦૫ |
| ૭ | ચણા | ૧૦૧૬ | ૧૨૬૫ |
| ૮ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૧૫ |
| ૯ | ધાણા | ૧૨૦૦ | ૧૩૮૫ |
| ૧૦ | ચણા છોલે | ૨૨૧૫ | ૨૨૧૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | મગ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૩ | અડદ | ૯૦૦ | ૧૩૮૦ |

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાનાં કરિયાણા ગામનાં સરપંચની**

છેલ્લા પાંચ વર્ષથી એક કહેવાતા સાધુ ગેરકાયદેશર રીતે કોઈ પણ પ્રકારની નિમંણુક કે કોઈની પણ મંજુરી વગર પ્રવેશ કરી કબ્જો જમાવેલ છે તથા આજુબાજુના લોકો સાથે ગામના લોકો સાથે મારા મારી માથાકુટ કરી રહેલ છે જે હાલ ચાલુ છે અને યેનકેન પ્રકારે ગામના લોકોની તથા કોઈપણ સરકારી મંજુરી વગર ગામની પૌરાણિક કાળુભાર ડેમના હેઠેના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે જેસીબીથી ખોદકામ કરી કુદરતી રીતે નદીના પ્રવાહને પણ વાળેલ છે. આજ રીતે તેમણે સિંચાઈની જગ્યામાં ગેરકાયદેસર રીતે ખોદકામ કરી તથા અવાર નવાર વન વિભાગની જગ્યામાં પણ ખોદકામ કરી દબાણ કરી કબ્જો જમાવેલ છે. આ કહેવાતા સાધુ તથા કરીયાણા ગામના લોકોની સાથે સતત માથાકુટ તથા મારામારી કરી તેમના ઉપર ખોટા કેસ કરી તેમને હેરાન પરેશાન કરે છે. કરીયાણા ગામના સમસ્ત ગ્રામજનોને સતત હેરાન પરેશાન કરતા હોય, માનસીક રીતે તકલીફવાળા હોય તેવું વર્તન કરે છે. આ સાધુ કારણ વગર કરીયાણા ગામના લોકો સાથે મારામારી કરી પોલીસ સ્ટેશનમાં અવાર નવાર કેસ કરેલ છે. તેમના ઉપર પણ મારામારીના કેસ થયેલ છે. તેવી રીતે ઉંટવડ ગામની સીમમા પણ એક મંદિરમાં કબ્જો કરી લોકો સાથે માથાકુટ કરેલ હોય લોકો ભયના ઓથાર હેઠળ જીવતા હોય આ કહેવાતા સાધુના ત્રાસમાંથી છોડાવવા આ સાધુએ કરીયાણા સ્વામીનારાયણ મંદિરમાં આવેલ પ્રસાદીનો લીમડો પણ કાપી નાખેલ છે. તથા બીલીના ઝાડ જેવા અનેક વૃક્ષો પણ કાપી નાખેલ છે. આ સાધુને સમસ્ત સ્વામીનારાયણ સંપ્રદાયમાંથી કાઢી નાખવામાં આવેલ છે. આ કહેવાતા સાધુ સ્વામીનારાયણ મંદીરમાં માન્ય સાધુ નથી. થોડા દિવસ પહેલા કરીયાણાનાં પ્રખ્યાત નીલકંઠ મહાદેવ મંદિરના મહંત સત્ય નારાયણ દાસજી સાથે સાથે પણ વિના કારણ માથાકુટ કરી હતી. આવી રીતે કરયાણા ગામના અન્ય ધર્મ સ્થાનો, મહાકાળી માતાજીનું મંદિર, ખોડીયાર માતાજી મંદિર, પંચગીર જગ્યા, વિગેરે ધાર્મીક જગ્યામાં ખોદકામ કરી દબાણ કરી કબ્જો જમાવેલ છે. અને કરીયાણા ગામમાં દરેક ધર્મના લોકો સાથે વૈમન્સ્યનું વાતાવરણ ઉભુ કરેલ છે. કરીયાણા ગામના લોકો સાથે સતત માથાકુટ કરે છે. આ મંદીર સ્વામીનારાયણ ધર્મ પાળતા ભકતજનો તથા કરીયાણા ગામના લોકો માટે ભકિત તથા આસ્થાનું કેન્દ્ર છે. આ મંદીરની જગ્યામાં આ સાધુએ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી કબ્જો જમાવેલ જેને ત્યાંથી દુર કરવા તથા આ સાધુના ત્રાસમાંથી છોડાવવા યોગ્ય કાર્યવાહી કરવા પગલા ભરવા કરિયાણાનાં ગ્રામજનોએ માંગ કરેલ છે.

### જાહેર નોટિસ

**અમો યોગેશ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,**

**મોજે.– સનાળીયા ગામ, તાલુકો – બગસરા, જિલ્લો – અમરેલીના ખાતા નંબર–૧૪૨ના રેવન્યું સર્વે નંબર–૧૪, નવા રેવન્યું સર્વે નંબર – ૧૧૩ના હે.આરે.ચો.મી. ૧–૩૧–૬૪ વાળી પિયત** ખેતીની જમીન **શ્રી જગદિશભાઈ ધનજીભાઈ, રહે. સનાળીયાના સ્વતંત્ર** નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, હિત હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૨૯/૧૧/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૯ | ૧૪૮૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૧૧૩૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૧ | ૨૪૦૦ |
| ૩ | કપાસ | ૧૩૦૫ | ૧૫૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૩૩ | ૬૬૧ |
| ૫ | જુવાર | ૭૨૫ | ૮૨૬ |
| ૬ | મગ | ૨૦૨૫ | ૨૬૮૦ |
| ૭ | મઠ | ૧૦૮૦ | ૧૩૧૩ |
| ૮ | અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૯ | ચણા | ૧૧૭૫ | ૧૪૭૫ |
| ૧૦ | સુવા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | સોયાબીન | ૭૫૦ | ૮૨૦ |
| ૧૨ | મેથી | ૧૦૫૭ | ૧૦૫૭ |

### મેવાણી હાય-હાયના સૂત્રો સાથે મહારેલી

# મહિસાગરમાં જિગ્નેશ મેવાણી વિરુદ્ધ દલિતોની મહારેલી

મહીસાગર, તા. ૩૦

વિરોધી રાજકારણીઓ, અધિકારીઓ તેમજ પોલીસ વિશે બેફામ ઉચ્ચારણો કરીને સતત વિવાદમાં રહેવા ટેવાયેલા જિગ્નેશ મેવાણી સામે હવે ઠેરઠેર દલિતોએ જ મોરચો માંડી દીધો છે. કોંગ્રેસ નેતા અને વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સામે દલિત સમાજે જ મોરચો માંડ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જિગ્નેશ મેવાણી વિરુદ્ધ મહીસાગર જિલ્લાના વિવિધ તાલુકામાં દલિત સમાજનાં લોકોએ રેલીઓ કાઢી મામલતદારને આવેદન પત્ર આપ્યું હતું અને ધારાસભ્ય વિરુદ્ધ કાર્યવાહી કરવા માગ કરી હતી. બાલાસિનોર દલિત સમાજે આરોપ લગાવતા કહ્યું હતું કે, જિગ્નેશ મેવાણી વિકૃત માનસિકતા ધરાવતા ધારાસભ્ય છે. અહીં ખાસ નોંધપાત્ર છે કે થોડા સમય પહેલાં પણ દલિત મહિલાઓ તેમજ અન્ય સમાજના લોકોએ મેવાણી દ્વારા તેમને ધાકધમકી આપવામાં આવતી હોવાનો તેમની કામગીરીમાં અવરોધ ઊભા કરવામાં આવતો હોવાની રજૂઆત કરી હતી.

દલિત સમાજનો આરોપ છે કે, મેવાણી સમાજને ઘેર માર્ગે દોરી રહ્યા છે. ખોટા મેસેજો કરીને સમાજમાં ભેદભાવ ઉત્પન્ન કરતા હોવાનો આક્ષેપ પણ ધારાસભ્ય વિરુદ્ધ થયો છે. બાલાસિનોર દલિત સમાજે કહ્યું કે મેવાણી વિકૃત માનસિકતા ધરાવતા ધારાસભ્ય છે. તે કેટલાક અધિકારીઓ સાથે ખરાબ વર્તન કરે છે. દલિત સમાજના જ લોકો દ્વારા મેવાણી વિરુદ્ધ આવેદનપત્રો આપવામાં આવતાં હવે મહીસાગર જિલ્લા કોંગ્રેસમાં ચિંતા વધી છે. તેનું કારણ એ છે કે આ રીતે મેવાણીનો વિરોધ વધતા કોંગ્રેસને નુકસાન થઈ શકે એવું પક્ષના વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે. આ જ કારણે આગામી ૬ ડિસેમ્બરે ચૈતર વસાવા અંનત પટેલ અને ગુલાબસિંહ ચૌહાણના નેતૃત્વમાં રાખવામાં આવેલા કાર્યક્રમનો ફિયાસ્કો થાય તેવા પણ એંધાણ છે.સરકારી અધિકારીઓ તેમજ પોલીસ અધિકારીઓ વિરુદ્ધ બેફામ ઉચ્ચારણો તેમજ પાયા વિનાના આક્ષેપો દ્વારા દલિતોના જ એક વર્ગને ઉશ્કેરવાના મેવાણીના પ્રયાસોને કારણે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી વિરુદ્ધ મહીસાગર જિલ્લાના દલિત સમાજમાં ભારે નારાજગી જોવા મળે છે. તેથી જ મેવાણી વિરુદ્ધ મહીસાગર જિલ્લાનાં વિવિધ વિસ્તારોમાં દલિત સમાજે રેલીઓ કાઢી વિરોધ દર્શાવ્યો હતો.

અહેવાલ અનુસાર મહીસાગર જિલ્લાના લુણાવાડા, સંતરામપુર, કડાણા, ખાનપુર, વીરપુર અને બાલાસિનોર તાલુકામાં SC, ST અને OBC સમાજના નાગરિકો દ્વારા જિગ્નેશ મેવાણી વિરુદ્ધ સરકાર કડક કાર્યવાહી કરે તેવી માગ સાથે રેલીઓ કાઢી મામલતદારને આવેદન પત્રો આપવામાં આવ્યા હતા.

### યુવા ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ સી.એમ.ને પત્ર પાઠવ્યો

# ગાંધીનગરમાં ધારાસભ્ય માટે બની રહેલ આલીશાન ફ્લેટનો કોંગી ધારાસભ્યે કર્યો વિરોધ

**૧૧૦ કરોડનાં ખર્ચે ફર્નિચર કરવું યોગ્ય નથી**



ગાંધીનગર, તા. ૩૦

કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે ગાંધીનગર સેકટર ૧૭, ખાતે ધારાસભ્યો માટે કરોડોના ખર્ચે નવા ફ્લેટ બની રહ્યા છે એનો હું ફરી સખત વિરોધ નોંધાવી રહ્યો છું. આપ જાણો છો એમ, દરેક ધારાસભ્યો પાસે પોતાના કે પોતાના પરિવારના મકાનો છે જ. અને, વિધાનસભાનું સત્ર ૩૬૫ દિવસમાંથી બંને સત્ર મળીને માંડ ૪૦ દિવસનું હોય છે. મતલબ કે કોઈ ધારાસભ્ય સદસ્ય નિવાસમાં (એમએલએ કવાર્ટરમાં) ૩૬૫ માંથી ૧૦૦ દિવસ પણ રહેતા કે રોકાતા નથી. આટલા ઓછા દિવસો માટે નવા એમએલએ કવાર્ટરની કે એમાં ૧૧૦ કરોડના ફર્નિચરની કોઈ જરૂર નથી. તેમ અંતમાં જણાવેલ છે.

### મહારાષ્ટ્રમાં સીએમના નામ અંગે સસ્પેન્સ

# મહારાષ્ટ્રમાં શપથગ્રહણની સંભવતઃ તારીખ જાહેર થઈ

**નવી સરકાર આગામી ૫ ડિસેમ્બરે શપથ લઈ શકે છે**

મુંબઈ, તા. ૩૦

મહારાષ્ટ્રમાં મહાયુતિની નવી સરકાર આગામી ૫ ડિસેમ્બરે શપથ લઈ શકે છે. શપથ ગ્રહણના ભવ્ય કાર્યક્રમ માટે મુંબઈના ઐતિહાસિક આઝાદ મેદાનની પસંદગી કરવામાં આવી છે. મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓ અહીં શપથ લેશે. જો કે, મુખ્યમંત્રીની સાથે કેટલા કેબિનેટ મંત્રીઓ શપથ લેશે તે અંગેની માહિતી હજુ સામે આવી નથી.સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપે સરકારના શપથગ્રહણની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે પોતે આ સમગ્ર મામલે સક્રિય છે. બાવનકુલે જ ધારાસભ્યોને શપથ ગ્રહણની માહિતી આપી રહ્યા છે. બીજેપી સૂત્રોના જણાવ્યા અનુસાર ૨ અથવા ૩ ડિસેમ્બરે રાજધાની મુંબઈમાં ધારાસભ્ય દળની બેઠક યોજાશે. આ બેઠકમાં ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવામાં આવશે. ભાજપ ધારાસભ્ય દળના નેતાની પસંદગી માટે કેન્દ્રમાંથી નિરીક્ષકો મોકલશે. ધારાસભ્ય દળની બેઠક બાદ તરત જ સરકાર બનાવવાનો દાવો દાવ પર મુકવામાં આવશે. આ પછી શપથગ્રહણની તારીખની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.૨૦૧૪માં જ્યારે દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં શપથ લીધા હતા. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો. ફડણવીસની આ સરકાર ૫ વર્ષ સુધી ચાલી હતી. ૨૦૧૯માં ફડણવીસ બીજી વખત મુખ્યમંત્રી બન્યા હતા, પરંતુ આ વખતે શપથ ગ્રહણ સમારોહ રાજભવનમાં જ યોજાયો હતો. ૨૦૧૯માં ફડણવીસની સરકાર વિશ્વાસ મત માટે વિધાનસભામાં પણ પહોંચી શકી ન હતી. જ્યારે ઉદ્ધવ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે શપથ ગ્રહણ સમારોહ માટે શિવાજી મેદાનની પસંદગી કરી હતી. બાળાસાહેબ ઠાકરેના અંતિમ સંસ્કાર શિવાજી મેદાનમાં જ થયા હતા. શિવસેના માટે આ મેદાન ખૂબ મહત્વનું માનવામાં આવે છે.મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી મહાયુતિએ ૨૩૦ પર જીત મેળવી છે. ભાજપ ૧૩૨ બેઠકો જીતીને રાજ્યની સૌથી મોટી પાર્ટી બની ગઈ છે. શિંદે સેનાએ ૫૭ અને અજિત પવારની પાર્ટીએ ૪૧ બેઠકો જીતી છે.

### ચૂંટણી પરિણામો પર ઉઠતાં સવાલો પર આપશે આશ્વાસન

# કોંગ્રેસના વાંધા અંગે ચૂંટણી પંચે કોંગ્રેસ પ્રતિનિધિમંડળને આપ્યું આમંત્રણ

નવી દિલ્હી, તા.૩૦

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામોને લઈને કોંગ્રેસના વાંધા અંગે ચૂંટણી પંચે ૩ ડિસેમ્બર ૨૦૨૪એ દેશની સૌથી જૂની પાર્ટીના પ્રતિનિધિમંડળને આમંત્રણ આપ્યું છે. આ સાથે જ ચૂંટણી પંચે કોંગ્રેસની તમામ કાયદેસર ચિંતાઓની સમીક્ષા કરવા અને તેને વ્યક્તિગત રીતે સાંભળ્યા બાદ લેખિત જવાબ આપવાનું આશ્વાસન આપ્યું છે. કોંગ્રેસને આપવામાં આવેલા પોતાના વચગાળાના જવાબમાં ચૂંટણી પંચે રાજકીય દળોની ભાગીદારીની સાથે પારદર્શી મતદાતા યાદીમાં અપડેટ પ્રક્રિયાને બેવડાવી છે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે શુક્રવારે ચૂંટણી પંચને આવેદનપત્ર આપીને વિધાનસભા ચૂંટણી પરિણામોને લઈને પોતાનો વાંધો વ્યક્ત કર્યો હતો. જેની પર હવે પંચે જવાબ આપ્યો છે.

સાથે જ મતદાન ડેટા સંબંધિત કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાનો જવાબ આપતાં ચૂંટણી પંચે મતદાન ડેટામાં કોઈ વિસંગતિ ન હોવાનો દાવો કર્યો છે. પંચે કહ્યું છે કે આ તમામ ઉમેદવારોની પાસે મતદાન કેન્દ્ર અનુસાર ઉપલબ્ધ છે અને ચકાસાયેલું છે. સાંજે ૫ વાગ્યાના મતદાન ડેટા અને અંતિમ મતદાન ડેટામાં અંતર પ્રક્રિયાત્મક આધારે થાય છે કેમ કે પ્રિસાઈડિંગ ઓફિસર મતદાન ડેટાને અપડેટ કર્યા પહેલા મતદાનની નજીક ઘણા વૈધાનિક કાર્ય કરે છે.

આ પહેલા કોંગ્રેસે શુક્રવારે ચૂંટણી પંચને આવેદનપત્ર આપીને તાજેતરમાં જ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના મતદાન અને ગણતરી પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસે આ મુદ્દે વ્યક્તિગત સુનાવણીની માગ પણ કરી હતી. કોંગ્રેસનો આરોપ છે કે મતદાતા યાદીઓથી મનમાની રીતે મતદાતાઓને હટાવવામાં આવ્યા અને દરેક વિધાનસભા વિસ્તારમાં ૧૦,૦૦૦થી વધુ મતદાતાઓને જોડવામાં આવ્યા. પાર્ટીએ એ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રના મતદાતા ડેટા પર એક પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરે પણ સવાલ ઉઠાવ્યા છે. પાર્ટીનું કહેવું છે કે ડેટા અપડેટ બાદ અચાનક ૧૦ લાખ વોટોનો વધારો થઈ ગયો હતો અને તે ચૂંટણી પંચથી તેનો જવાબ ઈચ્છે છે. ચૂંટણી પંચને આપવામાં આવેલા આવેદનપત્રમાં કોંગ્રેસના મહારાષ્ટ્ર પ્રભારી રમેશ ચેન્નિથલા, મહારાષ્ટ્ર, કોંગ્રેસ પ્રમુખ નાના પટોલે અને કોંગ્રેસ મહાસચિવ મુકુલ વાસનિકે કહ્યું હતું કે મનમાની રીતે હટાવવા અને જોડવાની આ પ્રક્રિયામાં જુલાઈ ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ની વચ્ચે મહારાષ્ટ્રમાં મતદાતા યાદીમાં લગભગ ૪૭ લાખ નવા મતદાતા સામેલ કરવામાં આવ્યા. પાર્ટીએ દાવો કર્યો કે જે ૫૦ વિધાનસભા ક્ષેત્રોમાં સરેરાશ ૫૦,૦૦૦ નવા મતદાતા જોડવામાં આવ્યા, તેમાંથી ૪૭ બેઠકો પર સત્તાધારી ગઠબંધન અને તેના સહયોગીઓએ જીત નોંધાવી. કોંગ્રેસે ચૂંટણી પંચ તરફથી જારી આંકડા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. પાર્ટીએ કહ્યું હતું કે ૨૧ નવેમ્બર ૨૦૨૪એ સાંજે ૫ વાગ્યા સુધી મહારાષ્ટ્રમાં મતદાન ટકા ૫૮.૨૨% હતા, જે રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધી વધીને ૬૫.૦૨% થઈ ગયુ. આ સિવાય અંતિમ રિપોર્ટમાં ૬૬.૦૫% મતદાન નોંધવામાં આવ્યુ. આ મતગણતરી શરૂ થવાથી અમુક કલાક પહેલા જાહેર કરવામાં આવ્યુ. આવેદનપત્ર અનુસાર માત્ર એક કલાકમાં એટલે કે સાંજે ૫ વાગ્યાથી ૬ વાગ્યા સુધીની વચ્ચે લગભગ ૭૬ લાખ વોટ નાખવામાં આવ્યા.

### ઈશાન કિશનની વિસ્ફોટક ઈનિંગ

# ઈશાન કિશને ચોગ્ગા-છગ્ગાની રમઝટથી ટીમને ૨૭ બોલમાં જીત અપાવી દીધી

**ઈશાને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૪ની ગ્રુપ સી મેચમાં અરુણાચલ પ્રદેશ સામે ચોગ્ગા અને છગ્ગાની રમઝટ બોલાવી**

નવી દિલ્હી, તા.૩૦

સૈદય મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૪માં ઘણા આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોએ આક્રમક ઈનિંગ રમી છે. આ કડીમાં ટીમ ઈન્ડિયામાંથી બહાર ચાલી રહેલા ઈશાન કિશને એક મેચમાં ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કરતા પોતાની ટીમને માત્ર ૨૭ બોલમાં જીત અપાવી છે. હકીકતમાં ગ્રુપ-સીમાં અરૂણાચલ પ્રદેશ અને ઝારખંડની મેચમાં ઈશાને આક્રમક બેટિંગ કરતા ટીમને ૧૦ વિકેટે જીત અપાવી છે. ૭૭ રનની ઈનિંગ દરમિયાન ઈશાનની સ્ટ્રાઈક રેટ ૩૦૦ની ઉપર રહી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ઈશાન કિશાને ધમાલ મચાવી હતી.

અરૂણાચલ પ્રદેશની ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૯૩ રન બનાવ્યા હતા. જવાબમાં ઝારખંડ માટે ઓપનિંગ કરવા ઉતરેલા ઈશાન કિશન અને ઉત્કર્ષ સિંહે અણનમ રહેતા ટીમને ૧૦ વિકેટે જીત અપાવી હતી. ઈશાન કિશને ૩૩૪.૭૮ની સ્ટ્રાઈક રેટથી ઘાતક ૭૭ રન બનાવ્યા. તેની એક ઈનિંગમાં ૯ સિક્સ અને ૫ ચોગ્ગા ફટકાર્યા હતા.

ઈશાન કિશને ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવતા માત્ર ૨૩ બોલમાં ૯ સિક્સ અને ૫ ચોગ્ગા સાથે અણનમ ૭૭ રન ફટકાર્યા હતા. જ્યારે ઉત્કર્ષ સિંહે ૬ બોલમાં બે ચોગ્ગા સાથે અણનમ ૧૩ રન બનાવ્યા હતા. ઝારખંડની આ ટૂર્નામેન્ટમાં ત્રીજી જીત છે. ટીમે ચાર મેચ રમી છે, જેમાં ત્રણ જીત અને એક હાર સાથે ૧૨ પોઈન્ટ મેળવ્યા છે. ટીમ પોતાના ગ્રુપ (સી) માં બીજા સ્થાન પર છે. ટોપ પર દિલ્હીની ટીમ છે, જેણે અત્યાર સુધી પોતાની ચારેય મેચ જીતી છે. ત્રીજા નંબર પર ૧૨ પોઈન્ટ સાથે ઉત્તર પ્રદેશની ટીમ છે. ચોથા સ્થાન પર હરિયાણા છે, જેના ચાર મેચમાં આઠ પોઈન્ટ છે.

### તોડશે બ્રાયન લારાનો વર્લ્ડ રેકોર્ડ!

# એડિલેડમાં ઈતિહાસ રચવાથી વિરાટ કોહલી માત્ર ૧૦૨ રન દૂર

**બીજી ટેસ્ટમાં ૨૩ રન બનાવતા જ પિંક બોલ ટેસ્ટમાં ૩૦૦ રન બનાવનાર પહેલો ભારતીય ખેલાડી બની જશે**

નવી દિલ્હી, તા.૩૦

ભારતે ઓસ્ટ્રેલિયા પ્રવાસે પહેલી ટેસ્ટમાં જીત મેળવી શાનદાર શરૂઆત કરી છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી અંતર્ગત રમાઈ રહેલી ૫ ટેસ્ટ મેચ સિરીઝની પહેલી મેચમાં ભારતે યજમાન ટીમને ૨૯૫ રને હાર આપી હતી. આ જીતમાં વિરાટ અને યશસ્વીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. વિરાટે બીજી ઈનિંગમાં ૧૪૩ બોલમાં પોતાની ૩૦મી ટેસ્ટ સદી ફટકારી હતી. હવે તે ભારત માટે બીજી ટેસ્ટમાં પણ મહત્વનો ખેલાડી રહેશે, જે ૬ ડિસેમ્બરના રોજ રમાનાર છે. એડિલેડ ઓવલમાં ડે-નાઈટ ટેસ્ટ રમાશે. તમને જણાવી દઈએ કે, વિરાટ આ મેચમાં એક મોટો રેકોર્ડ બનાવવાથી નજીક છે.

વિરાટ કોહલીએ પિંક બોલ ટેસ્ટમાં ૨૭૭ રન બનાવ્યાં છે અને તે ડે-નાઈટ ટેસ્ટમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય ખેલાડી છે. જો તે બીજી ટેસ્ટમાં ૨૩ રન બનાવી લે તો તે પિંક બોલ ટેસ્ટમાં ૩૦૦ રન બનાવનાર પહેલો ભારતીય ખેલાડી બની જશે.

પિંક બોલ ટેસ્ટમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય ખેલાડીઓની યાદીમાં વિરાટ કોહલી (૨૭૭) પહેલા નંબરે, રોહિત શર્મા (૧૭૩) બીજા અને શ્રેયસ અય્યર (૧૫૫) ત્રીજા નંબરે છે. વિરાટ કોહલીએ એડિલેડ ઓવલમાં ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૯ રન બનાવ્યાં છે. જો તે બીજી ટેસ્ટમાં ૧૦૨ રન બનાવી લે તો તેના ૬૧૧ રન થઈ જશે અને તે આ મેદાન પર ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર વિદેશી ખેલાડી બ્રાયન લારાનો રેકોર્ડ તોડી શકે છે. તેને મહાન સર વિવિયન રિચર્ડ્સનો ૫૫૨ રનનો રેકોર્ડ તોડવા માટે માત્ર ૪૪ રનની જરૂર છે. એડિલેડ ઓવલમાં ટેસ્ટ મેચોમાં સૌથી વધુ રન બનાવનાર વિદેશી ખેલાડીઓમાં બ્રાયન લારા (૬૧૦) પહેલા નંબરે, સર વિવિયન રિચર્ડ્સ (૫૫૨) બીજા નંબરે અને ભારતીય ખેલાડી વિરાટ કોહલી (૫૦૯) ત્રીજા નંબરે છે.

એડિલેડ ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયાની સ્કવોડ - રોહિત શર્મા (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, ઋષભ પંત (વિકેટકીપર), કેએલ રાહુલ, ધ્રુવ જુરેલ, નિતીશ રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, રવિન્દ્ર જાડેજા, રવિચંદ્રન અશ્વિન, જસપ્રીત બુમરાહ, પ્રસિદ્ધ કૃષ્ણા, મોહમ્મદ સિરાજ, આકાશ દીપ, હર્ષિત રાણા, સરફરાજ ખાન, અભિમન્યુ ઈશ્વરન, દેવદત્ત પડિકકલ.

### મેચ ફિક્સિંગના આરોપો બાદ ધરપકડ

# સાઉથ આફ્રિકાના ત્રણ ખેલાડીઓની ધરપકડ થઈ

**ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન બોલર લોનવાબો સોત્સોબે સહિત ત્રણ દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓની ધરપકડ કરાઈ**

નવી દિલ્હી, તા.૩૦

ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન બોલર લોનવાબો સોત્સોબે સહિત ત્રણ દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓની ધરપકડ કરવામાં આવી છે. ત્રણેય પર મેચ ફિક્સિંગનો આરોપ છે. ત્રણેયને વર્ષ ૨૦૧૫-૧૬માં રમાયેલી રામસ્લેમ ટી-૨૦ મેચમાં ફિક્સિંગ માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે. સોત્સોબે ઉપરાંત થામી સોલેકિલે અને એથી મ્ભાગલતીની પોલીસે ધરપકડ કરી છે. ત્રણેય સામે ભ્રષ્ટાચારના અનેક ગંભીર આરોપો છે. ત્રણેય પર મેચ દરમિયાન હેરાફેરી કરવાનો અને લાંચ લેવાનો પણ આરોપ છે. દક્ષિણ આફ્રિકાના ત્રણ ભૂતપૂર્વ ખેલાડીઓની મેચ ફિક્સિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આ ત્રણેય પર રેમ સ્લેમ ચેલેન્જ ટૂર્નામેન્ટ દરમિયાન હેરાફેરી અને ભ્રષ્ટાચારનો આરોપ છે. આ ત્રણેયને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૨૦૦૪ની કલમ ૧૫ હેઠળ પાંચ કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. આ ત્રણ દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ એ સાત ખેલાડીઓમાં સામેલ છે જેમને ક્રિકેટ બોર્ડે વર્ષ ૨૦૧૬-૧૭માં મેચ ફિક્સ કરવાના પ્રયાસોને કારણે પ્રતિબંધિત કર્યા હતા.

ટૂર્નામેન્ટમાં મેચ ફિક્સિંગના આરોપમાં દોષી સાબિત થયા બાદ ગુલામ બોદી આ કેસમાં જેલમાં સમય વિતાવી ચૂક્યો છે. જીન સિમ્સ અને પુમી મતશીકવેને પણ તેમના આરોપો સાબિત થયા બાદ સજા ફટકારવામાં આવી હતી. ત્સોત્સોબે, સોલેકિલે અને મ્બલાથી સામે ચાલી રહેલા કેસની સુનાવણી આવતા વર્ષે ફેબ્રુઆરી સુધી મુલતવી રાખવામાં આવી છે.

ફિક્સિંગમાં સંડોવાયેલા સાતમા ખેલાડી અલવીરો પીટરસન સામે શું કાર્યવાહી કરવામાં આવી છે તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. ક્રિકેટ સાઉથ આફ્રિકાએ પણ આ તમામ ૭ ખેલાડીઓ પર બે થી ૧૨ વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો હતો. જોકે, ક્રિકેટ સાઉથ આફ્રિકાએ કહ્યું હતું કે આ તમામ આરોપીઓ મેચ ફિક્સ કરવાના તેમના ઈરાદામાં સફળ થઈ શક્યા નથી. સમયસર તેમના ષડયંત્રનો પર્દાફાશ થયો હતો.

# જગત જમાદાર થવા માટે પણ ઘણા આયામો સર કરવા પડે

સાવરકુંડલા, તા ૩૦

ચિંતન શિબિર સંદર્ભે બેધડક પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં સાવરકુંડલા શહેરના ટોપ મોસ્ટ ક્રીમ પૈકી એક એવાં પ્રબુદ્ધ નાગરિક હર્ષદભાઈ જોશીએ જે વાત કહી તેનો સારાંશ આ અમેરિકન ડી. ઓ. જી. ઈ. ની વાતની ગવાહી આપે છે એનો ટૂંક સાર એ પણ થાય કે જગત જમાદાર થવું હોય તો કોઈ પણ બાબતે કોમ્પ્રોમાઈઝ ન ચાલે એ વાત હવે આપણે પણ સમજવી પડશે. સિર્ફ બાતોસે કામ નહિ બનતા.

એક્શન મોડ એ પણ ઓટો એકશન જરૂરી છે. કહીએ ત્યારે તો સે કરે પણ સાનમાં સમજીને કરે તે જરૂરી છે. ગુજરાતીમાં એક કહેવત છે. તેજીને ટકોર ખાલી કાનહોરીમાં પણ સમગ્ર બાબતનો સાર સમજે એવી કાર્યશૈલી કેળવવી પડે. અને અમેરિકન મિજાજે આ ટોન હવે આત્મસાત કરવા પ્રતિબદ્ધ છે એવું પ્રથમ દ્રષ્ટિએ લાગે છે હજુ તો નવી અમેરિકન સરકારની શપથ ગ્રહણ વિધિ નથી થઈ ત્યાં ટ્રમ્પજી એ 'ડી.ઓ.જી. ઈ' ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ અફિસિયન્સી (કાર્ય ક્ષમતા) બનાવી (૧) ઈલોન મસ્ક (૨) વિવેક રામા સ્વામી (ભારતીય અમેરિકન) નેજવાબદારી સોપી. એલને તો ઓરિજિનલ અમેરિકનમાં બેધડક કહી પણ દીધું! અમે 'મૃદુ' નહિ રહીએ! આપણે ગુજરાતી હજી 'મૃદુ છતાં મક્કમ' છબી મુ. મ.ની બનાવી દર્શાવી રહ્યા છીએ. અઘરા નિયમો અને કપરા ચડાણ કદી મૃદુ થઈને વહેવાઢં ન થઈ શકે એ વાત પણ હવે સમજવી જ રહી.ઝીરો ટોલરન્સ અને ક્વીક એક્શન સાથે ઢીલાપણું ન ચાલે એ પણ સ્વાભાવિક છે. આમ ગણીએ તો બ્યૂરોક્રેટ પાસે પણ ખૂબ સખ્તાઈથી કામ લેવાની સાંપ્રત સમયની આવશ્યકતા છે.

માત્ર પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી સખત પુરૂષાર્થ કરે એટલું પર્યાપ્ત નથી ખોટા દંભ દેખાડા અને આડંબર રહિત માત્ર કાર્યને સાધના સમજીને કમસે કમ આઠથી દસ કલાક સખ્ત પુરૂષાર્થ સાથે પોતાને સોંપવામાં આવેલ ફરજ નિષ્ઠાપૂર્વક દરેક બજાવે તો ભારત વિશ્વ મહાસત્તાના સપના સાકાર કરી શકે. અને એટલે જ ખોટા અને બિનજરૂરી ખર્ચા નહી કરવા માટે અમેરિકન સરકારે પણ મન બનાવી લીધું હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. અને વિશ્વ મહાસત્તાનું બિરુદ જાળવવા માટે આ ખૂબ જરૂરી છે. હવે વાત કરીએ ખાલી ગુજરાતની તો કલ્પસર પ્રોજેક્ટ એટલે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલનો ડ્રીમ પ્રોજેક્ટ છેલ્લા વીશ વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડિંગ. ફાઈલો ક્યાં અટવાઈ એ લોકોને જાણ નથી. તો વળીબુલેટ ટ્રેનનો ખર્વો રૂપિયાનો પ્રોજેક્ટ સાકાર થવાને બે ત્રણ વર્ષ લાગશે. જો કે બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ સંદર્ભે વિશ્વના અન્ય દેશોએ પણ રસ દાખવ્યો. વળી ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ આ પ્રોજેક્ટને સાકાર કરવા તમામ ક્ષેત્રે એડીચોટીનું જોર લગાવ્યું આવી જ રીતે સાવરકુંડલા ખાતે નાવલી રીવર ફ્ન્ટનો પ્રોજેક્ટ પણ ઘણાં વર્ષોથી ચર્ચામાં હતો પરંતુ યોગ્ય ફાઈલ વર્ક અને બ્યુરોક્રેટ પાસે કામ લેવાની કૂનેહ અને કડકાઈ મોટાભાગના પાસે ન જોવા મળી આખરે સાંપ્રત ધારાસભ્યની સૂઝબૂઝ અને કૂનેહ સાથે બ્યુરોક્રસી સાથે સંકલન અને સંવાદિતા એ તેમજ સરકારશ્રીમાં ચોટદાર રજૂઆતના કારણે એ નાવલી રીવર ફ્રન્ટ સાકાર થવાના સંજોગો ઉજળા બન્યા. દુબઈમાં અનેક અકલ્પનીય પ્રોજેક્ટો તેની લગભગ સમય મર્યાદામાં પૂર્ણ થાય છે. તે બાબતે પણ થોડું હોમવર્ક કરવું જરૂરી છે. આ તમામ બાબતો પરથી એ નિષ્કર્ષ કાઢવામાં આવે કે બાધાઓ અને અડચણોનો સમયબદ્ધ મુકાબલો કરીને યોગ્ય સંકલન અને સંચાલન સાથે અઘરા કાર્યો પણ સિધ્ધ થઈ શકે, અને અમેરિકા હવે આ બાબતે વધુ સતર્ક અને સચેત થશે એવું લાગે છે.

**(બીપીન પાંધી–સાવરકુંડલા)**

### ૨૧મી સદીનાં યુગમાં પણ ધુણવા સહિતની માન્યતા જોવા મળે છે

# ડાંકણનો આરોપ મૂકનાર મહિલાનો ભાંડાફોડ કરતું વિજ્ઞાન જાથા

**વિજ્ઞાન જાથાની ટીમે પોલીસની મદદથી ૧૨૫૮મો સફળ પર્દાફાશ**



અમરેલી, તા. ૩૦

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના કલાદરા ગામની મહીલા પડ ડાકણ હોવાની આરોપ મુકવામાં આવતાં સત્ય બહાર લાવવા ભારત જન વિજ્ઞાન જાથાની ટીમ સ્થળ પર પહોંચી હતી. અને હંમેશની જેમ ઉપજાવેલી વાતનો પર્દાફાશ કર્યો હતો.

કીમ પાસેની દરગાહમાં દર ગુરૂવારે મોટી સંખ્યામાં લોકો ઉમટે છે. જેમાં ૭૦ ટકા હિન્દુ પરિવારો પણ આસ્થા સાથે આવે છે. કલાદરાના પરેશભાઈ આહીર અને ઠાકોરભાઈએ જાથાને એવી માહીતી આપી હતી કે ત્યાં કુટુંબીજનો જેલીબેનને સવારી આવતા અમારા પરિવારના જશીબેન પર ડાકણ હોવાનું ખોટું આળ મુકતા ગામમાં રહેવું મુશ્કેલી બની ગયું છે.

તુરંત સ્થિત પામી જાતા જાથાના એડવોકેટ જયંત પંડયાએ ગાંધીનગર મુખ્યમંત્રી સહીત ઉચ્ચ અધિકારીઓ અને સુરત રૂરલ જિલ્લા પોલીસ વડાને પત્રથી જાણ કરી હતી. રાજકોટથી રોમિતભાઈ રાજદેવ, રવિ પરબતાણી, પ્રકાશ મનસુખભાઈ, અંકલેશ ગોહિલ, ભાનુબેન ગોહિલ, ગોપાલભાઈ ભરવાડ સહિતનાની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલાદ પો.ચોકીના પી.એસ.આઈ. આર.એમ.કોટવાલ, એ.એસ.આઈ. મહેશભાઈ બાબુભાઈ, પો.કોન્સ. જગદીશભાઈ ગોવિંદભાઈ, મહિલા કોન્સ. તેજલબેન મીઠાપરા સહીતના સ્ટાફની મદદ લઈ આરોપ મુકનાર સહીતના સ્ટાફની મદદ લઈ આરોપ મુકનાર જેલીબેનની પુછપરછ કરવામાં આવી હતી.

જેમાં જેલીબેનની પરિસ્થિતિ જાણી પોતે ખોટુ બોલતા હોવાનું કબુલી લઈ માફીનું કબુલાતનામુ આપી દેતા મામલો અહીં પૂર્ણ જાહેર કરાયો હતો. આમ જાથાએ ૧૨૫૮મો સફળ પર્દાફાશ કરી જેમની ઉપર ડાકણનો ખોટો આરોપ મુકાયો હતો તે મહીલાને મુશ્કેલીમાંથી બહાર લાવી દીધા હતા. તેમ જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયા (મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯)ની યાદીમાં જણાવાયું છે.

### શિવસેનાના પ્રવક્તા સંજય શિરસાટે જણાવ્યું

# અમારે ગૃહ મંત્રાલય જોઈએ છે, એકનાથ શિંદેની એક જ માંગ

**સંજય શિરસાટે કહ્યું કેજ્યારે એકનાથ શિંદે મુખ્યમંત્રી હતા ત્યારે અમે તેમને ગૃહ મંત્રાલય આપ્યું હતું**

મુંબઈ, તા. ૩૦

મહારાષ્ટ્રના રાજકારણમાં હવે ખુલ્લેઆમ દાવાઓ સામે આવી રહ્યા છે. શિવસેનાના નેતા અને પ્રવકતા સંજય શિરસાટે આજે ખુલ્લેઆમ કહ્યું છે કે તેમની પાર્ટી શિવસેના ગૃહ મંત્રાલય ઈચ્છે છે. એકનાથ શિંદેએ પણ આ જ માંગણી કરી છે. ગૃહ વિભાગની માંગ ગેરવાજબી નથી. સંજય શિરસાટે કહ્યું કે જો મુખ્યમંત્રી પદ ભાજપ પાસે જાય તો અમને ગૃહ મંત્રાલય જોઈએ છે. જ્યારે એકનાથ શિંદે મુખ્યમંત્રી હતા ત્યારે અમે તેમને ગૃહ મંત્રાલય આપ્યું હતું. એકનાથ શિંદેના તેમના ગામ જવાના પ્રશ્ન પર સંજયે કહ્યું કે જ્યારે પણ મુખ્યમંત્રી કોઈ મોટો નિર્ણય લે છે અથવા તેમને માનસિક શાંતિની જરૂર હોય છે ત્યારે તેઓ તેમના ગામ જાય છે.

નોંધનીય છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં સીએમ પદ કોને મળશે તે અંગે અનેક અટકળો ચાલી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સીએમ પદ અને મંત્રીઓની વહેંચણીમાં ફસાયેલા રાજકારણની વચ્ચે એકનાથ શિંદે પોતાના ગામ ગયા છે. આ અંગે તમામ પ્રકારની રાજકીય અટકળો પણ કરવામાં આવી રહી છે. ભાજપ સામે ગઠબંધનના તમામ ઘટક પક્ષોની સહમતિથી આગળ વધવાનો પડકાર છે.શિંદે વિશે તેમની જ પાર્ટીના નેતાઓનું કહેવું છે કે જ્યારે પણ શિંદેને કોઈ મોટો નિર્ણય લેવો હોય ત્યારે તેઓ તેમના ગામ જાય છે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રના સીએમ પદને લઈને ચાલી રહેલા સસ્પેન્સ વચ્ચે શિંદેની ગામની મુલાકાત રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. લોકો એ જાણવા ઉત્સુક છે કે શિંદે શું મોટો નિર્ણય લેવા જઈ રહ્યા છે?

બીજી તરફ, ભાજપ ટૂંક સમયમાં તેના ધારાસભ્ય દળના નેતાની જાહેરાત કરશે. ત્યાર બાદ સરકાર રચવાનો રસ્તો સાફ થઈ શકે છે. અત્યાર સુધી જે માહિતી સામે આવી છે તે મુજબ શિંદે સાથે ડેપ્યુટી સીએમ પદને લઈને ચર્ચા થઈ છે, પરંતુ શિંદે ગૃહ મંત્રાલય જેવા ઘણા મહત્વપૂર્ણ મંત્રાલયોની માંગ કરી શકે છે. કારણ કે જ્યારે દેવેન્દ્ર ફડણવીસ રાજ્યમાં ડેપ્યુટી સીએમ હતા ત્યારે તેમની પાસે ગૃહ મંત્રાલય પણ હતું.

અમરેલીની પ્રખ્યાત
ગોળ હોસ્પિટલ
માં ફુલ ટાઈમ
જનરલ સર્જન મળશે
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૨:૦૦
અને સાંજે ૫:૦૦ થી ૮:૦૦

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
- પેટના રોગો અને તેમના ઓપરેશન
- એપેન્ડીક્ષ, સારણગાંઠ, વધરાવળ મસા તથા ભગંદરના ઓપરેશન
- પિતાશયની પથરીના ઓપરેશન.
- સ્તનની ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશનના નિષ્ણાંત.



ડો.અક્ષય પારખીયા
M.S.(જનરલ સર્જન)
અનુભવ:
૩ વર્ષ સિવિલ હોસ્પિટલ અમદાવાદ
૧ વર્ષ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629
આયુષ્માન કાર્ડ અંતર્ગત ઓપરેશન તદ્દન મફત ઓપરેશન સુવિધા ઉપલબ્ધ

## સાવરકુંડલાનાં જેજાદ ગામનાં પ્રગતિશીલ ખેડૂતે ૧૫ વીઘામાં પ્રાકૃતિક કૃષિનું મોડેલ ફાર્મ તૈયાર કર્યુ

# અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો દિનપ્રતિદિન વ્યાપ વધી રહ્યો છે

**ખેડૂતે પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત અનાજ, શાકભાજી અને કઠોળનું વાડીએથી ઘરબેઠા જ વેચાણ શરૂ કર્યુ**

**કાળી શેરડી, શાકભાજી, બાજરો, કઠોળ, મગફળી સહિતની પ્રાકૃતિક કૃષિ કરી સફળતા મેળવી**

**કોઠાસૂઝ ધરાવતા ખેડૂત યુ-ટ્યુબ ચેનલનાં માધ્યમથી અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે વિગતો આપે છે**

**ગાંધીની જન્મભૂમિ ગુજરાતને આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિ તરફ લઈ જવાનો સરકારનો સંકલ્પ સાકાર થવા ભણી જઈ રહ્યો છે**



આલેખન : જય મિશ્રા–અમરેલી

અમરેલી, તા. ૩૦
રાજયને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ટકાપ્રાકૃતિકકૃષિતરફલઈ જવામાટેરાજયસરકારદ્વારારાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે.

આ કડીમાં અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો દિનપ્રતિદિન વ્યાપ વધીરહ્યોછે. કેટલાકખેડૂતોવર્ષોથી પ્રાકૃતિકખેતીસાથેજોડાઈઅનેહવેઅન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવાની પ્રેરણાઆપીરહ્યા છે.

સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામના પ્રગતિશીલ ખેડૂત હરેશભાઈ દેગડાએ ૧૫ વીઘા જમીનમાં પ્રાકૃતિક કૃષિનું મોડલ ફાર્મ તૈયાર કર્યુ છે. હરેશભાઈ પાકની વિવિધ પદ્ધતિઓ અને બિયારણના પ્રયોગ કરે છે, સફળતા મળે તે પદ્ધતિ અને અન્ય વિગતોથી બીજા ખેડૂતોને પણ તે અનુસરવા માટે પ્રેરણા આપે છે. આમ, હરેશભાઈનું રામદેવ ફાર્મ પ્રાકૃતિક કૃષિની એક પ્રકારની લેબોરેટરી તરીકે ઓળખાઈ રહ્યું છે.

આ અંગે પ્રગતિશીલ ખેડુત હરેશભાઈ કહે છે કે, સુભાષ પાલેકરના પ્રાકૃતિક કૃષિ અભિયાનથી પ્રેરણા મળી

અનુસંધાન પાના ૬ ઉપર

### નિરાધારનો આધાર અને સૌ માટે અર્ધીરાતનાં હોંકારા સમાન

## સાવરકુંડલાનાં ભાજપ અગ્રણી અને સેવાભાવી અગ્રણી ઘનશ્યામ ડોબરીયાનો આજે ૫૫ માં વર્ષમાં પ્રવેશ

### મિત્રો, શુભેચ્છકો દ્વારા મો. નં. ૯૪૨૬૨ ૧૪૧૮૦ પર અભિનંદનવર્ષા

અમરેલી, તા. ૩૦
સાવરકુંડલાનાં ભાજપ અગ્રણી, ડાયમંડ સેલનાં જિલ્લા ચેરમેન, ભોજલરામ સંસ્થાના અગ્રણી અને ભોજલરામ જયંતી મહોત્સવની ઉજવણીનાં પ્રણેતા, ગરીબોના બેલી, નિરાધારનો આધાર અને સૌ કોઈ માટે



અર્ધી રાતનાં હોંકારા સમાન ઘનશ્યામભાઈ ડોબરીયા આજે ૫૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા હોય મિત્રો, શુભેચ્છકો ધ્વારા મોબાઈલ નંબર ૯૪૨૬૨ ૧૪૧૮૦ પર અભિનંદનવર્ષા કરવામાં આવી રહી છે.

### રાજુલાનાં જુની કાતર ગામનાં પરેશ જોગદીયા

## સાબરમતી જેલમાંથી પેરોલ મેળવીને બહાર આવ્યા બાદ નિયત સમયે પરત ન ફરતા ફરિયાદ

### ૫ નવેમ્બરનાં પરત થવાનું હોય શરતોનો કર્યો ભંગ

અમરેલી, તા. ૩૦
રાજુલા તાલુકાના જુની કાતર ગામના પરેશ ઉર્ફે પાંચાભાઈ જોગદીયા હાલ સાબરમતી સેન્ટ્રલ જેલ અમદાવાદના સામાવાળા પાકા કેદી નં.

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal
₹440/-
₹350/-



Pizza Combo
1 Italian Pizza + 1 Veg. Cheese Grill Sandwich + 2 Cold Drinks
Offer Valid : 23-11-2024 to 15-12-2024
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

LG Life's Good.
Auto Tub Clean
Keep Dust, Bacteria & Lint away with LG's Auto Tub Clean



Better Hygiene
More Lint removal
Enhanced Durability
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)